આજનો સુવિચાર
જીવનમાં એ જ સંબંધ સાચો છે જે, પીઠ પાછળ પણ આદર આપે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૯૧ જૂનાગઢ તા.૨૨-૧૧-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 291, Junagadh : Date : 22 November, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# જો અદાણી દોષિત સાબીત થાય તો પાંચથી ૨૦ વર્ષ સુધીની સજા થઈ શકે



નવી દિલ્હી, તા.૨૨: અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી પર અમેરિકામાં ભારતીય અધિકારીઓને ૨૫૦ મિલિયન ડોલર એટલે કે લગભગ ૧૭૫૦ કરોડ રૂપિયાની જંગી લાંચ આપવાનો આરોપ છે. આરોપ છે કે ગૌતમ અદાણીએ આ લાંચ ભારતના સૌથી મોટા સોલાર પાવર પ્રોજેક્ટ માટે કોન્ટ્રાક્ટ મેળવવા માટે આપી હતી. આ આરોપ બાદ ભારતીય રાજકારણમાં તોફાન મચી ગયું છે. વિપક્ષી કોંગ્રેસ પાર્ટી આક્રમક છે. સંસદના સત્રમાં આ મુદ્દે ભારે હોબાળો થવાની સંભાવના છે.

ગૌતમ અદાણી પર ભ્રષ્ટાચાર અને છેતરપિંડીનો આરોપ છે. અદાણી પર આરોપ છે કે તેણે બે દાયકામાં $૨ બિલિયનના સોલર કોન્ટ્રાક્ટ જીતવા માટે ભારતીય અધિકારીઓને $૨૫૦ મિલિયનથી વધુ લાંચ આપી હતી.

ગૌતમ અદાણી હાલમાં ભારતમાં છે. યુએસ તપાસ એજન્સી તેના પ્રત્યાર્પણ માટે વિનંતી કરી શકે છે.

જો કે, ભારતીય અદાલતો નક્કી કરશે કે આ શુલ્ક ભારતીય કાયદા હેઠળ લાગુ પડે છે કે કેમ? આ સિવાય રાજકીય અને માનવ અધિકાર સંબંધિત ચિંતાઓનું મૂલ્યાંકન કરવામાં આવશે. અદાણી પ્રત્યાર્પણનો વિરોધ કરી શકે છે. આ સમગ્ર પ્રક્રિયામાં વિલંબ કરી શકે છે. જો અદાણી દોષી સાબિત થાય છે, તો તેને લાંચ લેવા બદલ પાંચ વર્ષ સુધીની જેલ થઈ શકે છે. આ સિવાય છેતરપિંડી અને ષડયંત્રના આરોપમાં ૨૦ વર્ષ સુધીની સજા થઈ શકે છે. આ સિવાય તેમને ભારે દંડ પણ થઈ શકે છે. કોઈપણ સજા નક્કી કરવી આખરે કેસ સંભાળતા જજ પર નિર્ભર રહેશે.

## અદાણી ગ્રુપનાં શેરોમાં બીજા દિવસે પણ ભારે કડાકો શેરબજાર ખુલતાની સાથે જ રૂા. ૭૫ હજાર કરોડનું નુકશાન

મુંબઈ, તા.૨૨: ગૌતમ અદાણી અને તેના સાથીદારોને લાંચ કેસમાં કોઈ રાહત મળે તેમ લાગતું નથી. ગુરુવારે કેન્યા પણ એક પ્રોજેક્ટમાંથી ખસી ગયું હતું. બીજી તરફ રેટિંગ એજન્સીઓએ પણ અદાણીની કંપનીઓને નેગેટિવ રેટિંગ આપવાનું શરૂ કરી દીધું છે. જેના કારણે આજે શુક્રવારે પણ બજાર ખુલતાની સાથે જ અદાણી ગ્રુપની કંપનીઓના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો. અદાણી એન્ટર-ઈઝ સહિતની કેટલીક કંપનીઓના શેર પર સપ્તાહના સૌથી નીચા સ્તરે પહોંચી ગયા છે. જેના કારણે અદાણી ગ્રુપના માર્કેટ કેપને લગભગ ૭૬ હજાર કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

બીજી તરફ શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. જ્યાં સેન્સેક્સ ૬૦૦થી વધુના વધારા સાથે કારોબાર કરતો જોવા મળ્યો હતો. બીજી તરફ નિફ્ટીમાં ૧૩૦ પોઈન્ટથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. શેરબજારમાં બેન્કીંગ શેરોમાં તેજી જોવા મળી રહી છે.

## અદાણી સામેનાં આક્ષેપોની બાઈડન તંત્રને જાણ હતી : વ્હાઈટ હાઉસે સ્પષ્ટતા કરી



### ભારત - અમેરીકાનાં સંબંધો મજબુત છે : અદાણી પ્રકરણની અસર નહી થાય

વોશીંગ્ટન,તા.૨૨ અદાણી જૂથનાં ચેરમેન ગૌતમ અદાણી સહીત આઠ સામે અમેરિકામાં લાગેલા આરોપ વિશે વ્હાઈટ હાઉસે પ્રતિક્રિયા જાહેર કરી છે. વ્હાઈટ હાઉસનાં પ્રેસ સચીવ કેફીન જીન-પીયરે કહ્યુ કે અદાણીનાં આરોપથી વ્હાઈટ હાઉસ વાકેફ છે.આ મામલે વધુ માહીતી માટે મીડીયાએ સિકયોરીટી એન્ડ એકસચેંજ કમીશન તથા ન્યાય વિભાગનો સંપર્ક કરવો પડશે. અદાણી પ્રકરણથી ભારત સાથેના સંબંધો વિશે તેઓએ કહ્યુ કે બન્ને દેશો વચ્ચેનાં સંબંધો મજબુત પાયા પર સ્થપાયેલા છે.

વૈશ્વિક મુદાઓ પર સહયોગનાં આધારે સંબંધો વિકસેલા છે એવો વિશ્વાસ છે કે મુદાને પણ સમાધાનની દિશામાં લઈ જવાશે.અન્ય મુદાઓની જેમ આ મુદાનો ઉકેલ પણ શકય છે. તેઓએ ભારપુર્વક જણાવ્યું હતું કે, ભારત-અમેરિકા વચ્ચેનાં સંબંધો ઘણા મજબુત છે અને અદાણી સામેનાં આરોપોનો દ્વિપક્ષી સબંધો પર કોઈ અસર નહિં થાય.

## આવતીકાલે મહારાષ્ટ્ર - ઝારખંડ વિધાનસભા ચૂંટણીનાં પરીણામો : ભારે સસ્પેન્સ અને ઉત્તેજના



નવી દિલ્હી તા. ૨૨ દેશમાં ૨૦૨૪ની ચુંટણી મૌસમનો અંત લાવતા આવતીકાલે મહારાષ્ટ્ર-ઝારખંડ વિધાનસભા વાયનાડ સહિત લોકસભાની બે બેઠકો ઉપરાંત ગુજરાતની પાંચ સહિત ૧૧ રાજયની ૪૬ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીના પરિણામો આવતીકાલે આવશે જે અંગે ભારે ઉત્તેજના વ્યાયેલી છે અને સોમવારથી શરૂ થનારા સંસદના શિયાળુ સત્રમાં પણ અદાણી વિવાદ સાથે આ ચુંટણી પરિણામોની ગરમીના પડઘા પડશે.

ખાસ કરીને મહારાષ્ટ્ર-ઝારખંડમાં વિધાનસભા ચુંટણી પરિણામો પર સૌની નજર છે. દેશના સૌથી મોટા રાજયમાં સામેલ મહારાષ્ટ્રમાં મહાયુતીની સરકાર સતા જાળવી રાખશે કે પછી અઢી વર્ષના ગાળા બાદ મહાવિકાસ અઘાડી સતા પર આવશે તે સસ્પેન્સપરથી પડદો ઉઠી જશે.

જો કે એકઝીટપોલ આ રાજયમાં ભાજપ નેતૃત્વ મહાયુતીને ફરી સતા મળશે તેવા સંકેત આપે છે પણ છેલ્લી બે ચુંટણીના એકઝીટ પોલ 'ખોટા' સાબીત થયા બાદ હવે તેની વિશ્વસનીયતા સામે પ્રશ્ન તો ઝારખંડમાં પણ શાસક ઝારખંડ મુક્તિ મોરચાની સરકાર સતા જાળવી રાખે છે કે ભાજપ તેની પાસેથી સતા આંચકે છે તેના પર પણ નજર છે. આ રાજયમાં પણ એકઝીટ પોલ ભાજપની સરકારના સંકેત આપે છે. આ બન્ને વિધાનસભામાં જો એકઝીટપોલથી કોઈ વિરુદ્ધ પરિણામો આવે તો તેના પડઘા રાષ્ટ્રીય સ્તરના રાજકારણ સુધી પડી શકે છે અને મોદી સરકાર જે હાલ તેલુગુદેશમ અને જનતાદળ (યુ)ના ટેકાથી ચાલે છે તેમાં કોઈ અસ્થિરતા સર્જાવા સુધીની શકયતા પણ લાંબાગાળા માટે બની શકે છે.

બીજી તરફ વાયનાડની લોકસભા બેઠકની પેટાચૂંટણી પણ રસપ્રદ બની છે. ગાંધી કુટુંબના વધુ એક સભ્ય પ્રિયંકા ગાંધી પ્રથમ વખત ચૂંટણી લડીને લોકસભા પહોચવા આતુર છે અને વાયનાડ પરંપરાગત કોંગ્રેસ કે ડાબેરી પક્ષની બેઠક છે છતાં ભાજપે પણ તમામ તાકાત કામે લગાડી છે જેથી પ્રિયંકા માટે મોટા પડકાર છે છતાં તે સંસદભવન પહોંચી જશે તેવા સંકેત છે.

## કેનેડાની સરકારે યુ-ટર્ન લીધો : નિજ્જર હત્યા કેસમાં મોદી કે જયશંકરની સંડોવણીનાં પુરાવા નથી

નવી દિલ્હી તા. ૨૨ કેનેડામાં એક અલગતાવાદી નેતાની હત્યાને ભારત સાથે જોડવાના પ્રયાસ બાદ બંને દેશો વચ્ચેના બગડતા સંબંધો વચ્ચે કેનેડાની સરકાર ફરી એકવાર બેકફૂટ પર આવી ગઈ છે. કેનેડા સરકારે તાજેતરના એક મીડિયા અહેવાલ પર પ્રતિક્રિયા આપી છે જેમાં ભારત પર આરોપ મૂકવામાં આવ્યો હતો કે કેનેડામાં ગુનાહિત ગતિવિધિઓ થઈ રહી છે તેની માહિતી પહેલાંથી જ હતી.

કેનેડા સરકારે એક નિવેદન બહાર પાડીને સ્પષ્ટતા કરી છે કે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વિદેશ મંત્રી જયશંકર અથવા દ્વજીછ અજિત ડોભાલને કેનેડાની અંદરની ગંભીર ગુનાહિત પ્રવૃત્તિ સાથે જોડતા કોઈ પુરાવા ટાંક્યા નથી અને ન તો તે તેમની જાણમાં છે.


ભારત પર ખોટો આરોપ લગાવનારી ટૂડો સરકાર પાસે કોઈ પુરાવા નથી. ભારતની કડકાઈ બાદ ટૂડો સરકારે નિવેદન જાહેર કર્યું છે. ટૂડો સરકારે કહ્યું કે ભારતના વડાપ્રધાન મોદી, વિદેશ પ્રધાન જયશંકર અને અજિત ડોભાલ કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિક્ષ્જરની હત્યા સહિત કોઈપણ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિમાં કોઈ ભૂમિકા નથી. તેમની પાસે આ અંગે કોઈ પુરાવા પણ નથી.

## સરદારજી પર જોકસ બનાવવાનો મુદો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો : પ્રતિબંધ મુકવાની માંગણી

નવી દિલ્હી, તા.૨૨: સુપ્રીમ કોર્ટે શીખોની મજાક ઉડાવતા જોક્સ પર નિયંત્રણને મહત્વનો મુદ્દો ગણાવ્યો છે.

આ મુદ્દે પેન્ડીંગ અરજી પર સુનાવણી કરતી વખતે કોર્ટે અરજદારને શીખ સંગઠનો દ્વારા આપવામાં આવેલા સૂચનોનું સંકલન કરવા કહયું હતું. આ કેસની સુનાવણી ૮ અઠવાડિયા પછી થશે. ગુરુવારે ન્યાયમૂર્તિ બીઆર ગવઈ અને કેવી વિશ્વનાથનની બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી. અરજદારે કહ્યું હતું કે શીખ પુરુષો અને મહિલાઓને તેમના પહેરવેશના કારણે ઉપહાસનો સામનો કરવો પડે છે. તેમણે કહયું કે એક કિસ્સામાં એક શીખ યુવકે મજાકથી નારાજ થઈને આત્મહત્યા કરી લીધી હતી. ૨૦૧૫માં દિલ્હીના વકીલ હરવિંદર ચૌધરીએ આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે આવા જોક્સ સન્માન સાથે જીવવાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે. જે વેબસાઈટ પર આ પ્રકાશિત થાય છે તેના પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

## વધુ એક ચક્રવાત તોફાનનો ખતરો ૧૧ રાજયોમાં ભારે તબાહી સર્જાવાની ભીતિ




નવી દિલ્હી તા. ૨૨ વધુ એક ચક્રવાતી વાવાઝોડું દેશમાં ત્રાટકવાનું છે, જેના કારણે ઘણા રાજ્યોમાં ભારે વરસાદ થશે. આ સમય દરમિયાન, ૫૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે, જે આસપાસના વિસ્તારોમાં વિનાશ સર્જી શકે છે. આ ચક્રવાતનું નામ ફેંગલ હશે. ભારતીય હવામાન વિભાગે મુશળધાર વરસાદને લઈને ઓરેન્જ અને રેડ એલર્ટ જારી કર્યું છે. હિંદ મહાસાગર અને અડીને આવેલા દક્ષિણ આંદામાન સમુદ્ર પર એક ચક્રવાતી પરિભ્રમણ રચાયું છે, જે ૨૩ નવેમ્બરની આસપાસ દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીમાં નીચા દબાણનું ક્ષેત્ર બનાવે તેવી શક્યતા છે. ત્યારબાદ તે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધે અને આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ બંગાળની ખાડીના મધ્ય ભાગોમાં ડિપ્રેશનમાં તીવ્ર બને, જેની અસર તમિલનાડુ અને શ્રીલંકામાં જોવા મળશે. આ સમયગાળા દરમિયાન ભારે પવન સાથે વરસાદ પડી શકે છે.

## કેનેડામાં તિવ્ર આર્થિક અને અનાજનું સંકટ ૯૦ ટકા લોકોને ખર્ચ ઘટાડવાની ફરજ પડી

ઓટાવા તા. ૨૨ : જસ્ટિન ટૂડોના શાસનમાં કેનેડા ભારે આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. આ કટોકટી કેટલી મોટી છે તેનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે કેનેડામાં રહેતા ૨૫ ટકા માતા-પિતા તેમના બાળકોને પૂરતો ખોરાક આપવા માટે તેમના ખોરાકમાં ઘટાડો કરી રહ્યા છે. એક સંસ્થાના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે કેનેડિયનો આવાસ, નોકરીઓ અને મોંઘવારી મામલે સૌથી ખરાબ સંકટનો સામનો કરી રહ્યા છે. રીપોર્ટ કહે છે કે કેનેડાનાં ૯૦ ટકા લોકોને ખર્ચ ઘટાડવાની ફરજ પડી છે. નોન-પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન સાલ્વેશન આર્મીએ ૨૧ નવેમ્બરે પોતાનો રિપોર્ટ જાહેર કર્યો છે.

નવા વર્ષની હાર્દિક શુભેચ્છા....

માધવ રેસીડેન્સી
જૂનાગઢ મહાનગરનાં વિકસીત વિસ્તારમાં
ખુલ્લા સ્વતંત્ર પ્લોટ
આપના માટે અમારી વિશિષ્ટ આયોજન
SB
-:: ઓર્ગેનાઈઝર ::-
ઉત્તમભાઈ સોની
મો. ૮૯૮૦૦ ૩૯૦૩૯
સંજયભાઈ કનેરીયા
મો. ૯૫૮૬૬ ૨૧૭૨૧
વાડલા ફાટક, વંથલી રોડ, જૂનાગઢ




CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
749/- કિંમત 2870/-
1349/- કિંમત 5060/-
સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો






"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઈજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.



"Tera- Herts"
ટેરાહાર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શક્તિને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓક્સિજનેશનમાં વધારો કરે છે તેમજ રક્ત પ્રવાહમાં વધારા કરે છે.



"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રક્ત પરિભ્રમણ સુધારે છે.



"Accupressure"
ચોક્કસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એક્યુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાની લાગણી ઘટાડે છે. છેલ્લે, એક્યુપ્રેશર રક્ત પરિભ્રમણને સુધારી શકે છે.

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આઝીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુંટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
મો. ૯૩૭૬૬૦ ૫૫૬૨

### સાંસદ રાજેશભાઈચુડાસમા, જિલ્લા પ્રમુખ કિરીટભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમરની વિશેષ ઉપસ્થિતિમાં

# “સદીઓની રજળપાટનો સમૂળગો અંત” વિચરતી જાતિના ૩૫ પરિવારોના ઘરનું ખાતમુર્હુત





## સૌ લાભાર્થીઓ બંને હાથ ઊંચા કરી ગગનભેદી નાદ સાથે રાજ્ય સરકારના પુર્વ સચિવ કે.જી.વણઝારાનો આભાર વ્યક્ત કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

ભેંસાણ તા.૨૧

વિચરતી અને વિમુક્ત જાતિઓના સમુદાયોના કલ્યાણ અને પાકી છતનું સુખ નસીબ થાય અને સઘળો સમુદાય સશક્તિકરણ તેમજ અન્ય સમાજની સાથે મુખ્યધારામાં ભળે અને પોતાના પાકા સરનામાં સાથે નવા જીવનના અધ્યાયની શરૂઆત થાય તે આશ્રય સાથે જૂનાગઢ જિલ્લાના ભેંસાણ ગામે "સુખના સરનામાં" માટે મહત્વપૂર્ણ ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં યુવા સામાજીક અગ્રણી દેવરાજ રાઠોડ દ્વારા શાબ્દીક સ્વાગત અભિવાદન કરાયું હતું. વિચરતી અને વિમુક્ત જાતી પૈકીના અતિપછાત ગાડલીયા લુહાર સમુદાયના લોકો માટે સમર્પિત સુવિધા અને સહાયક માળખું સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે આ ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેથી તેઓને શિક્ષણ, આરોગ્ય સંભાળ, આજીવિકા અને સામાજિક સમાવેશ માટે સમાન તકો અને સંસાધનો થાય અને પોતાનું કહી શકાય તેવું કાયમી સરનામું મળે તે માટે ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમને જૂનાગઢ લોકસભા બેઠકના સાંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમા, જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુમર, જિલ્લા ભાજપના પ્રમુખ કિરીટભાઈ પટેલ, એશિયાટિક કોલેજના સ્થાપક પ્રમુખ ગોપાલભાઈ ભુવા, વડવાળી જગ્યાના મહંત પૂ.અલ્પેશબાપુ, પરમ પૂજ્ય સુંદરદાસ બાપુ, ભેંસાણ યુવા અગ્રણી રેનીશ મહેતા તેમજ ગાડલીયા લુહાર સમાજના યુવા અગ્રણી દેવરાજ રાઠોડ અને સૌ કોઈ આગેવાનો દ્વારા શોભાયમાન આપવામાં આવ્યું હતું. છેવાડાના માનવીઓ દ્વારા વેઠવામાં આવતા અનેક પડકારો અને પછાતપણાને દૂર કરવા ભાર મૂકવામાં આવ્યો હતો અને રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી યોજના વિશે માહિતી આપી હતી. સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ વિચરતી જાતીના સમુદાયો અન્ય સમાજની જેમ મુખ્યધારામાં ભળે અને વિકાસની પ્રક્રિયામાં ધ્યાન કેન્દ્રિત કરે તે બાબતે સજાગ કર્યા હતા સાથે સાથે સાંસદએ આ સમુદાયના જગ્યા મકાન બનવાના છે તે જગ્યા ઉપર રોડ રસ્તા માટે રૂપિયા પાંચ લાખ આપવાની જાહેરાત પણ કરી હતી. જ્યારે જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુમરે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે વિચરતી જાતીઓએ આજે પણ પોતાના પહેરવેશ, ભાષા, બોલી અને પોતાની સંસ્કૃતિને જાળવી રાખી છે અને સંસ્કૃતિ સંસ્કાર સાથે સાથે હસ્તકલા તેમજ પોતાની આવડતને ઉજાગર કરવા હાંકલ કરી હતી અને તેમજ જિલ્લા પંચાયતની ગ્રાન્ટમાંથી પીવાના પાણી માટે ક્યારેય રઝળપાટ ન કરવો પડે તે માટે પાંચ લાખની રકમ ફાળવવાની જાહેરાત કરી હતી.

જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલે કહ્યું કે, ઘર વિહોણા હોવું એ ભારે દુઃખની વાત છે, આ દુઃખમાંથી સુખ તરફ આગળ વધવા ઐતિહાસિક રીતે હાંસિયામા ધકેલાઈ ગયેલા વિચરતી અને વિમુક્ત જાતીના ગાડલીયા લુહાર સમુદાય તેમજ સમગ્ર વિચરતી જાતીઓને ન્યાયી સમાજમાં વિકાસની તક મળી છે. આ ભૂમિપૂજન કાર્યક્રમમાં એશિયાટિક કોલેજના સ્થાપક પ્રમુખ ગોપાલભાઈ ભુવાએ વિચરતી અને વિમુક્ત જાતીના બાળકોને શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધવા તેમજ આર્થિક, સામાજીક, આરોગ્યલક્ષી અને કૌશલ્ય વિકાસ સ્થાપવા માટે માર્ગદર્શીત કર્યા હતા. આ શરૂઆત માત્ર મકાન બનાવવા માટે નથી પરંતુ આવા છેવાડાના માનવીઓ માટે આશા અને ગૌરવનું પુનઃ નિર્માણ છે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેમ છેકે આવા તક વંચિત લોકોને નિર્માણની દરેક તક મળવી જોઈએ જેના માટે અમે કાયમી ધોરણે કટિબદ્ધ છીએ. આજનો આ ખાતમુહૂર્ત કાર્યક્રમ સમાનતા તરફની પરિવર્તનકારી યાત્રાની શરૂઆત દર્શાવે છે, જ્યાં દરેક સમુદાય,ભલે તેમનો ઈતિહાસ કે જીવનશૈલી હોય ગર્વ અને તક સાથે હમેશાં આગળ વધવું જોઈએ. ગાડલીયા લુહાર સમુદાયના નવા બનવા જઈ રહેલા મકાનોમાં અવરજવરના રોડ રસ્તા માટે સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ પાંચ લાખ તેમજ પીવાનાં પાણીના બોર માટે જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈએ પણ પાંચ લાખ આપવાની વાત કરી હતી. આ ભૂમિપૂજન એ લાંબા સમયથી ચાલતી અસમાનતાઓને સુધારવા તરફનું એક પગલું છે, અને તમામ હિસ્સેદારોના સમર્થન સાથે, ઉદેશ્ય એવા ભવિષ્યનું નિર્માણ કરવાનો છે જ્યાં વિચરતી જાતિઓ રાષ્ટ્રની પ્રગતિનો અભિન્ન ભાગ છે.

### સૌરાષ્ટ્ર અને કચ્છની સૌપ્રથમ અને અત્યાધુનિક પેટ, આંતરડા, સ્વાદુનપિંડ અને લીવરના રોગોની

## પ્રાઈમ હોસ્સપટલના ગેસ્ત્રો એન્ટેરોલોજીસ્ટ ડો.કે.કે.રાવલની અન્નનળીના ક્ષેત્રે એલ-આકારની ઈન્સીઝન ટેકનિકની મહાન શોધ

(પંકજ ઝીબા દ્વારા)


રાજકોટ, તા.૨૨

સૌરાષ્ટ્ર અને કચ્છ ના પ્રથમ ડીએમ ગેસ્ટ્રો એન્ટેરોલોજીસ્ટ ડો.કૃષ્ણકાન્ત રાવલના જણાવ્યા મુજબ, એક્લેશિયા-કાર્ડિયા તરીકે ઓળખાતી બીમારી કે જેમાં દર્દી ને ખોરાક ગળવામાં તકલીફ પડે છે અને જેની સારવાર માટે ની પીડારહિત અને ટાંકારહિત “એન્ડોસ્કોપિક સર્જરી કે જે POEM (Peroral Endoscopic Myotomy) તરીકે જાણીતી છે. આ માટે સબમ્યુકોસલ સ્પેસમાં (અન્નનળી ના દિવાલના બે પડ ની વચ્ચે નો ભાગ) એન્ડોસ્કોપનો પ્રવેશ જરૂરી છે, જે સર્જન માટે સૌથી મુશ્કેલ અને તકનીકી રીતે આવશ્યક કાર્ય છે. નવા ડૉક્ટર્સ માટે તે ઘણીવાર નિરાશાજનક અને સમય માંગી લે તેવું હોય છે.” ઉપરોક્ત સમસ્યાનો સામનો કરવા માટે, ડો. કે. કે. રાવલની શોધેલી એલ-આકારની ઈન્સીઝન ટેકનિકે સબમ્યુકોસલ ટનલમાં પ્રવેશવાનો સંશોધિત રીતનો પ્રસ્તાવ મૂક્યો છે. જેનાથી નવા અને ઓછા અનુભવી ડોક્ટરને પ્રક્રિયા કરવામાં સરળતા રહે છે અને વળી પ્રક્રિયાનો સમયગાળો પણ ઓછો થતા દર્દીને પણ ઓછી તકલીફ પડે છે. છેલ્લા ૮ વર્ષમાં ૨૦૦ થી વધુ POEM રજૂ કરનાર ડો.કે કે રાવલ સરે છેલ્લા બે વર્ષથી આ ટેકનિકના વિકાસ માટે અવિરતપણે કામ કર્યું છે. સમગ્ર ભારતમાં માત્ર થોડાક જ કેન્દ્રો આ પ્રક્રિયા કરે છે અને પ્રાઈમ હોસ્પિટલ એ સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશ માં આ સર્જરી કરતું એકમાત્ર કેન્દ્ર છે. ડો. કે કે રાવલ અને એમની સાથે બીજા ૨ ગેસ્ટ્રોએન્ટેરોલોજીસ્ટ કે જે પ્રાઈમ હોસ્પિટલ રાજકોટ સાથે જોડાયેલા છે તેઓ એ આ ટેકનિક ૭ દર્દીઓ માં અમલમાં મૂકીને આ ટેકનિકનો પાયલોટ અભ્યાસ કર્યો છે. આ રિસર્ચ થી તારણ મળી આવી છે કે નવી ટેકનિકના ઉપયોગ થી શકય તેટલી ઓછી જટિલતા અને સમયનો બચાવ તેમજ કોઈ પણ જાતના કોમ્પ્લિકેશન વિના આ સર્જરી કરી શકાય છે જ્યારે કોન્સેપ્ટ ડિઝાઈનિંગ



અને મેનુસ્ક્રિપ્ટ ડો.રાવલ દ્વારા કરવામાં આવી હતી. પ્રાપ્તિ, વિશ્લેષણ, ડેટા ઈન્ટરપ્રિટેશન અને વિવેચનાત્મક સમીક્ષા ડો.અવ્વલ સાદીકોટ, ડો.ચિંતન કણસાગરા અને ડો.ચિંતન મોરી દ્વારા કરવામાં આવી હતી. આ ટેકનિક વિશ્વની નામાંકિત મેડિકલ જર્નલ્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે.

## પૂજ્ય તનસુખગીરી બાપુની આજે ભીડભંજન મહાદેવ મંદિર ખાતે પ્રાર્થના સભા



જૂનાગઢ, તા.૨૨

ગીરનાર અંબાજી મંદિર શક્તિપીઠ અને દત્ત શિખર તથા ભીડભંજન મહાદેવ મંદિરના શ્રી મહંત મોટાપીરબાવા પૂજ્ય તનસુખગીરીબાપુની આજે તા. ૨૨ ને શુક્રવાર સાંજે ૪ થી ૬ ભીડભંજન મહાદેવ મંદિર જવાહર રોડ ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરાયું છે. આ પ્રાર્થના સભામાં પૂજયબાપુને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે.

## ઉનામાં તાલુકા પુસ્તકાલય દ્વારા રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા)


ઊના તા.૨૨

ઊના શહેરમાં આવેલ સરકારી તાલુકા પુસ્તકાલય દ્વારા રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી નિમિતે સાત દિવસ સુધી ચિત્ર સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. તેમજ પુસ્તક પ્રદર્શન યોજાયું હતું. જેમાં ઊના શહેર અને તાલુકાના વાંચન પ્રેમીઓ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા સ્પર્ધકોને ગ્રંથપાલ એ.કે. નકુમ અને રીનાબેન જેઠવા દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## સોમનાથના દરિયા કિનારે યોગ પ્રાણાયામ કરી ચિંતન શિબિરના બીજા દિવસનો પ્રારંભ કરતા વરિષ્ઠ અધિકારીઓ










(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૨

સોમનાથ ખાતે યોજાઈ રહેલ ૧૧ મી ચિંતન શિબિરના બીજા દિવસે રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીઓએ સોમનાથ મંદિરના દરિયા કિનારે યોગ પ્રાણાયામ કરી ચિંતન શિબિરનો પ્રારંભ કર્યો હતો. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ દ્વારા સોમનાથ મંદિર સમીપે દરિયા કિનારે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીઓ જોડાયાં હતા અને યોગ પ્રાણાયામ કર્યા હતા. યોગ શિબિરમાં યોગ ઈન્સ્ટ્રક્ટર દ્વારા ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા નિર્ધારિત કરાયેલ યોગ પ્રોટોકોલ મુજબ યોગ-પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા જે અનુસાર ઉપસ્થિત સૌ અધિકારીઓ સૂક્ષ્મ ક્રિયા, ધ્યાન, પ્રાણાયામ, યોગ આસન તથા સૂર્ય નમસ્કાર કરી યોગ શિબિરમાં સહભાગી થયા હતા.

## પ્લોટ ફાળવણીમાં ગેરરીતિ આચરનાર લોધિકા ગ્રામ પંચાયતના સરપંચ સુધાબેન કિશોરભાઈ વસોયાને હોદ્દા ઉપરથી દૂર કરતા જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે

### ગેરરીતિમાં સામેલ તલાટી કમ મંત્રી બી.એલ. મકવાણાને ફરજ મોકુફ કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૨

લોધિકા તાલુકાના લોધિકા ગામમાં ૧.૦૪ ગુઠા મંજુર થયેલ નવા ગામતળ લે-આઉટ પ્લાનમાં ૩૦૦ ચો.વાર ક્ષેત્રફળના પ્લોટ નં.૬ ઉપર લોધિકા ગામના સરપંચ સુધાબેન કિશોરભાઈ વસોયાએ તાલુકા વિકાસ અધિકારીને જાણ કર્યા વગર તથા કોઈપણ જાતની પરવાનગી વગર થોરડી રોડ ઉપર આવેલ આ પ્લોટ નં.૬ના સબ પ્લોટીંગ અને દસ્તાવેજ કરી ખુલ્લી હરરાજી કર્યા વગર મળતીયાઓને પ્લોટ ફાળવી દીધો હતો. સરપંચ દ્વારા પ્લોટ નં. ૬/૧ અને પ્લોટ નં.૬/૨નું તા.૧૭ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ વેચાણ કરેલ છે, વધુમાં હરરાજીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાના અને હરરાજીની સંપૂર્ણ કાર્યવાહી કરવાના તાલુકા વિકાસ અધિકારીના અધિકારની ઉપરવટ થઈ મનસ્વી રીતે હરરાજીની અપસેટ પ્રાઈઝ નક્કી કરીને અન્ય કુલ ૧૪ પ્લોટની સંપૂર્ણ હરરાજીની પ્રક્રિયા સરપંચ દ્વારા પૂર્ણ કરી પોતાના મળતીયાઓને પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. જે અન્વયે જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે દ્વારા લોધિકા ગ્રામ પંચાયતના સરપંચ સુધાબેન કિશોરભાઈ વસોયાને પંચાયત ધારાના નિયમ મુજબ દુર્વર્તન, અધિકારોનો દુરૂપયોગ, સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવું, સત્તા બહારના કૃત્યો કરવા વગેરે આચરણ માટે હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવ્યા છે. આ સાથે તલાટી કમ મંત્રી બી.એલ. મકવાણા દ્વારા સરપંચ સાથે મેળાપીપણું કરી ગેરરીતિ આચરવામાં આવેલ હોય તલાટી કમ મંત્રીને પણ ફરજ મોકુફ કરવામાં આવેલ છે તેમ જિલ્લા વિકાસ અધિકારી રાજકોટની યાદી દ્વારા જણાવાયું છે.

## કેશોદના અગતરાય નજીક પૈસાની લેતી દેતીના મનદુઃખે મારમાર્યો : ૩ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

કેશોદ તાલુકાના અગતરાય ગામે પૈસા લેતી દેતીના મનદુઃખે યુવાનને ૩ શખ્સોએ મારમાર્યાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે એઝાજભાઈ સુલેમાનભાઈ સીડાએ ઈમ્તીયાજ ઈબ્રાહીમભાઈ સીડા, હાસમભાઈ આમદભાઈ સીડા અને નવાજ સરીફભાઈ સીડા રહે.બધા ગાદોઈવાળાઓ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીને આરોપીઓ સાથે પૈસાની લેતી દેતી બાબતે જુનુ મનદુખ ચાલતુ હોય, જે મનદુખના લીધે આરોપીઓએ આ કામના ફરીયાદી પાસે આવી ફરી.ને મારા રૂપીયા કેમ આપતો નથી તેમ કહી જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી ત્રણેય આરોપીઓએ લોખંડના પાઈપ વડે શરીરે આડેધડ માર મારી ફરી.ના ડાબા હાથના કાંડામાં નીચેના ભાગે ફેકચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ જીલ્લામાં અપમૃત્યુના ૪ બનાવો નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ શહેર સહિત જીલ્લામાં ગઈકાલે ૪ અપમૃત્યુના બનાવો નોંધાયા છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકાના બગડુ ગામે વ્રજ હોટલ નજીક સોનાફાર્મ નજીક વાડીમાં પાણી વાળતી વખતે ભુપતભાઈ નારણભાઈ હાથલીયા (ઉ.વ.૪૧)ને અકસ્માત પાણીની મોટરના સ્ટાર્ટરમાંથી ઈલેકટ્રીક શોર્ટ લાગતા મોત નિપજયાનું અરજણભાઈ ખીમાભાઈ હાથલીયાએ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી. જયારે શહેરની જૂની સિવિલ હોસ્પિટલ સામે બિનવારસુ હાલતમાં પડેલ ૫૫ વર્ષીય પુરૂષને જૂનાગઢ સિવિલમાં ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યાનું એ ડીવીઝન ચોપડે નોંધાયું છે. જયારે ભેંસાણના વિશળ હડમતીયા ગામે રહેતા ઈરફાનભાઈ મામદભાઈ સામા(ઉ.વ.૨૭)વાડીએ ટ્રેકટરમાં રોટાવેટર જોડી હાંકવા ગયેલ દરમ્યાન ગળામાં બાંધેલ ચુંદડી ગેરમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું મોસીનભાઈ મામદભાઈ સમાએ ભેસાણ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

તેમજ માંગરોળના હાઉસીંગ કોલોની વિસ્તારમાં રહેતા ઈબ્રાહીમભાઈ હુસેનભાઈ પટેલ(ઉ.વ.૩૬)ની મગજની દવા ચાલુ હોય જેનું લાગી આવતા જંતુનાશક દવા અને સેલફોર્સના ટીકડા ખાય લેતા મોત નિપજયાનું હનીફભાઈ હુસેનભાઈ પટેલે માંગરોળ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢમાં મોડીરાત્રે કારમાંથી દારૂની ૧૯૨ બોટલ સાથે નવાગઢના બે શખ્સોને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ પોલીસે મોડીરાત્રીના મજેવડી દરવાજા પાસેથી કારમાં દારૂની ૧૯૨ બોટલ સાથે નવાગઢના બે શખ્સોને ઝડપી રૂા.૧.૦૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તેના વિરૂધ્ધ પ્રોહીબીશન અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ શહેરમાં જીજે ૦૧ કેએ ૨૯ ૮૦ નંબરની સિલ્વર કલરની કાર ઈંગ્લિશ દારૂનો જથ્થો બીલખા રોડથી ગિરનાર દરવાજા થઈ મજેવડી ગેટ તરફ નીકળવાની હોવાની બાતમી મળતાં ગુરૂવારની વહેલી સવારે એ ડિવિઝનના પીએસઆઈ જે. આર. વાજાએ સ્ટાફ સાથે બીલખા રોડ પર સર્કિટ હાઉસ પાસે વોચ ગોઠવી હતી. દરમ્યાન બાતમીવાળી કાર આવતા રોકવાનો ઈશારો કરતા ચાલકે કાર રોકવાને બદલે ભગાવી મૂકતા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતા કાર કડવા ચોકથી ગિરનાર દરવાજા તરફ વળતા સ્ટાફ સાથે નાઈટમાં રહેલ મહિલા પીએસઆઈ વી. એલ. લખધીરને કાર રોકવા જાણ કરતા તેઓએ મજેવડી ગેટ પાસે ટ્રાવેલ્સ ઓફીસ નજીક કોર્ડન કરી કારને રોકી લીધી હતી. પોલીસે કારમાંથી જેતપુરના નવાગઢમાં કેનાલ પાસે દાસી જીવણપરામાં રહેતો ૨૧ વર્ષીય આકાશ રમેશ પરમાર અને તેનો પાડોશી ૨૫ વર્ષીય યોગેશ ઉર્ફે ચવો ભરત વાઘેલાને રૂપિયા ૩૮,૪૦૦ના દારૂની ૧૯૨ બોટલ ઝડપી લઈ કાર સહિત ૧,૦૩,૪૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. પૂછપરછમાં બંને શખ્સે દારૂનો જથ્થો જૂનાગઢમાં બીલખા રોડ રાજીવ નગરમાં રહેતો એભો જીતુ કોડિયાતર પાસેથી મેળવ્યો હોવાનું જણાવતા પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં બંધ ગાડીઓને નિશાન બનાવતા તસ્કરો : બે અલગ અલગ બનાવોમાં રૂા.૪.૨૫ લાખ રોકડની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢમાં બે અલગ અલગ બનાવોમાં તસ્કરોએ બંધ ગાડીના કાચ તોડી કારમાં રાખેલ રોકડની ઉઠાંતરી કર્યાની ફરીયાદ બી ડીવીઝન અને વંથલી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે મનીષભાઈ ગાંગાભાઈ મંડેરાએ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યા ચોર શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ગઈકાલે સાંજના સમયે ફરીયાદીની ફોર વ્હીલ કાર નં.જીજે-૧૧-૨૭-ડીએમ-૬૧૪૩ ઝાંઝરડા રોડ પર સાધના રેસ્ટોરન્ટ પાસે પાર્ક કરેલ હોય જેના અજાણ્યા ચોર શખ્સે ડ્રાઈવર સાઈડના કાચ તોડી સીટ પર રાખેલ ૨ લાખ રોકડ રૂપિયા ભરેલ થેલાની ચોરી કરી લઈ કારના કાચ તોડી રૂા.૪ હજારની નુકશાની કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જયારે અન્ય એક બનાવમાં વાડલા ફાટક નજીક ક્રિષ્ના મારબલ પાસે ભાવેશભાઈ નાનાલાલ છત્રાળાએ ફોર વ્હીલ નં.જીજે-૧૧-બીઆર-૯૨૬૯ રાખેલ હોય જે કારના કાચ તોડી વેપારના રાખેલ રૂા.૨,૨૫,૦૦૦ની કોઈ અજાણ્યા શખ્સ ચોરી કરી ગયાની ફરીયાદ વંથલી પોલીસ મથકે નોંધાવતા વંથલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બાંટવાના રફાળા ગામની શાળામાંથી લેપટોપની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

બાંટવા તાલુકાના રફાળા ગામની પ્રાથમિક શાળામાંથી દિવાળીના વેકેશન દરમ્યાન લેપટોપની કોઈ અજાણ્યા શખ્સ ચોરી કરી ગયાની ફરીયાદ બાંટવા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બાંટવા પોલીસ મથકે અરજણભાઈ બાવનભાઈ વાળાએ ફરીયાદમાં અજાણ્યા શખ્સ વીરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, અજાણ્યા ચોર શખ્સે શાળાના દિવાળીના વેકેશન દરમ્યાન પ્રાથમીક શાળાના રૂમના દરવાજાનું તાળુ તોડી રૂમની અંદર રહેલ લેપટોપ કિ.રૂા.૩૫૦૦૦ની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું કેશોદ એરપોર્ટ ખાતે ઉમળકાભેર સ્વાગત

## સોમનાથ ખાતે આયોજિત ૧૧મી ચિંતન શિબિરમાં સહભાગી થવા પધારેલા મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોને આવકારાયા : ગુજરાત સરકારના મંત્રીઓ અને સચિવાલયના ઉચ્ચ અધિકારીઓનું ભાવપૂર્ણ સ્વાગત






જૂનાગઢ, તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે ૧૧મી ચિંતન શિબિરમાં સહભાગી થવા માટે કેશોદ એરપોર્ટ ખાતે આવતાં ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સોમનાથ ખાતે આયોજિત ૧૧મી ચિંતન શિબિરમાં મુખ્યમંત્રીની સાથે સહભાગી થવા પધારેલા રાજ્ય સરકારના મંત્રીઓ, સચિવાલયના ઉચ્ચ અધિકારીઓનું ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીની સાથે રાજ્યના પ્રવાસન તથા વન અને પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરા, શિક્ષણ અને આદિજાતિ વિકાસ મંત્રી કુબેરભાઈ ડીંડોર, પંચાયત વિભાગના રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ સહિતના ઉચ્ચ અધિકારીઓ હવાઈ માર્ગે કેશોદ એરપોર્ટ ખાતે આવી પહોંચતા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી, મનોજકુમાર દાસ, મુખ્યમંત્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ ઔલખ, ખાસ ફરજ પરના અધિકારી ડી.કે. પારેખ, રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર, ઉચ્ચ અધિકારી સર્વે ડો. હસમુખ અઢિયા, એસ. એસ.રાઠૌર, આર.જી. ગોહિલ, આર. એસ. નિનામા, માહિતી નિયામક કે.એલ. બચાણી સહિતના ઉચ્ચ અધિકારીઓનું એરપોર્ટ ખાતે ભાવભર સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોનું વધાવવા કલાવૃંદ દ્વારા સ્વાગત ગીત અને શાસ્ત્રીય નૃત્ય સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. કેશોદ એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોને આવકારવા માટે ધારાસભ્ય દેવાભાઈ માલમ, કેશોદ નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, તાલુકા પંચાયતના પ્રમુખ ભનુભાઈ ઓડેદરા, જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસિયા, ગીર સોમનાથ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા, જૂનાગઢના જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, ગીર સોમનાથના જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, રેન્જ આઈજી નિલેશ જાજડીયા, જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, ગીર સોમનાથ જિલ્લાના પોલીસ અધિક્ષક શ્રી મનોહરસિંહ જાડેજા, આસિસ્ટન્ટ કલેકટર વંદના મીણા, અગ્રણી ચિરાગભાઈ ભોપાળા, પ્રવીણભાઈ ભાલાળા, ગૌરાંગ વ્યાસ, દિવ્યેશભાઈ વણપરિયા સહિતના પદાધિકારી-અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જૂનાગઢ જીલ્લામાં વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે 'આપણું શૌચાલયઃ આપણું સન્માન' અભિયાનની શરૂઆત કરાઈ

જૂનાગઢ, તા.૨૨

સ્વચ્છ ભારત ગ્રામીણ ફેઝ ૨ના સુચારું અમલીકરણ માટે જિલ્લા કલેકટર શ્રી અનિલ કુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેશન ની બેઠક યોજાઈ હતી.

કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં જિલ્લા કલેકટરે ભારત સરકારના જનશક્તિ મંત્રાલય દ્વારા તા.૧૯મી નવેમ્બર ૨૦૨૪ના રોજ વિશ્વ સૌચાલય દિવસ નિમિત્તો સ્વચ્છતા અંગે જનજાગૃતિ વ્યાપક બનાવવા જાહેર કરેલી વિવિધ માર્ગદર્શિકાઓના સુચારું અમલીકરણ માટે જરૂરી સૂચનો કર્યા હતા. જિલ્લામાં ૧૯ નવેમ્બરથી "આપણું સૌચાલયઃ આપણું સન્માન" અભિયાનની શરૂઆત કરાઈ છે. જેમાં જિલ્લામાં આગામી તા.૧૦ ડિસેમ્બર સુધી વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા કલેકટરના હસ્તે સ્વચ્છ ભારત મિશન હેઠળ સફાઈ મિત્રાને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત પણ કરાયા હતા. આ સાથે સરકારની સહાયથી સૌચાલય બનાવનાર ૫ લાભાર્થીઓને વહીવટી મંજૂરીના હુકમો એનાયત કરવામાં આવ્યા હતા.

આ અભિયાન અંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પી.એ. જાડેજાએ જણાવ્યું કે, સરકારની ગાઈડલાઈન મુજબ જિલ્લામાં વિશેષ ઝુંબેશ હાથ ધરાશે. જેમાં ગ્રામ્ય સ્તરે તથા બસ સ્ટેન્ડ, બજાર વિસ્તાર, ધાર્મિક અને પ્રવાસ સ્થળો, શાળા, આંગણવાડી અને આરોગ્ય કેન્દ્ર ખાતે બંધ હાલતમાં હોય તેવા સામુહિક શૌચાલયની ઓળખ કરવી અને તેને વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરીને ફરી કાર્યરત કરાવવા, પાણી, દરવાજાનું સમારકામ, વીજળી વગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. વિવિધ સંસ્થાઓમાં શૌચાલયની જરૂરિયાત માટે એસેસમેન્ટ કરી csr અથવા ઉપલબ્ધ માન્ય અન્ય ભંડોળના ઉપયોગથી સંસ્થાઓમાં શૌચાલય બનાવવામાં આવશે. તેમણે જણાવ્યું કે ગામડાઓમાં શૌચાલય નિર્માણ માટે બાકી રહેલા લાભાર્થીઓની ઓળખ કરવી, OTA ગ્રાન્ટનો ઉપયોગ કરીને CSCs અને સંસ્થા કે શૌચાલયનું રીટ્રો ફીટીંગ કરવામાં આવશે. આ બેઠકમાં ડિસ્ટ્રિક્ટ વોટર એન્ડ સેનિટેશન કમિટીના વિવિધ સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત સરકારની મંત્રી પરિષદના મંત્રીઓનું કેશોદ એરપોર્ટ ખાતે ઉત્સાહભેર સ્વાગત

## ગુજરાત સરકારના મંત્રીઓ અને ટોચના અધિકારીઓ સોમનાથ ખાતે આયોજિત રાજ્યકક્ષાની ૧૧મી ચિંતન શિબિરમાં સહભાગી બનશે






જૂનાગઢ તા.૨૨

સોમનાથ ખાતે રાજ્યકક્ષાની ૧૧મી ચિંતન શિબિરમાં સહભાગી થવા માટે પધારેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આગમન બાદ અન્ય એક ફલાઈટના મારફતે ગુજરાત સરકારના વિવિધ વિભાગના મંત્રીશ્રીઓ અને રાજ્ય સરકારના જૂદા-જૂદા વિભાગના ઉચ્ચ અધિકારીઓનું કેશોદ એરપોર્ટ ખાતે ભાવપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

કેશોદ એરપોર્ટ ખાતે રાજ્ય સરકારના નાણા અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ, ઉદ્યોગ અને શ્રમ રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત, સામાજિક ન્યાય અને અધિકારીતા તથા ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવી, સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા, વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલ, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી ભીખુભાઈ પરમાર, આદિજાતિ વિકાસ વિભાગના રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિનું ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સોમનાથ ખાતે ચિંતન શિબિરમાં સહભાગી થવા પધારેલા અધિક મુખ્ય સચિવ સર્વશ્રી સુનયના તોમર કમલ દયાની, સી.વી. સોમ, ડો. જયંતિ રવિ, ડો. અંજુ શર્મા, શ્રી એસ.જે હૈદર, જે.પી. ગુપ્તા, ઉપરાંત અગ્ર સચિવ સર્વશ્રી મોના ખંધાર અને ડૉ. ટી. નટરાજન, મુખ્ય રાજ્ય વેરા કમિશનર રાજીવ ટોપનો, અગ્ર સચિવ મમતા વર્મા, મુકેશકુમાર, શ્રીમતી શાહમીના હુસૈન, અશ્વિનીકુમાર, આર. સી. મીના, ધનંજય દ્વિવેદી, મોહમ્મદ શાહિદ, સંજીવકુમાર સહિતના ટોચના અધિકારીઓનું ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારના જૂદા-જૂદા વિભાગના મંત્રીઓ અને ટોચના અધિકારીશ્રીઓના આગમનને વધાવવા માટે સાંસ્કૃતિક કલાવૃંદ દ્વારા સ્વાગત ગીત પર શાસ્ત્રીય નૃત્ય પણ રજૂ કરવામાં આવ્યું હતું.

કેશોદ એરપોર્ટ ખાતે રાજ્ય સરકારના જુદા જુદા વિભાગના મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓનું જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસિયા, રેન્જ આઈજી નિલેશ જાજડિયા, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, પ્રાંત અધિકારી કિસન ગરચર સહિતના અધિકારીઓએ ઉમંગભેર સ્વાગત કર્યું હતું.

# જૂનાગઢના મીડિયાકર્મીઓના સ્વાસ્થ્યની ખેવના : ફીટ ઈન્ડિયા - ફીટ મીડિયા અંતર્ગત હેલ્થ સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો

## રાજ્ય સરકાર અને રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે પત્રકારોનું હેલ્થ સ્ક્રીનીંગ કરવામાં આવ્યું




જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ ખાતે આજ રોજ રાજ્ય સરકારના માહિતી વિભાગ અને રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે રેડક્રોસ હોલ ખાતે જૂનાગઢનાં પત્રકારો અને માધ્યમકર્મીઓનાં સ્વાસ્થ્યની ખેવના કરવા ફીટ ઈન્ડિયા - ફીટ મીડિયા અંતર્ગત હેલ્થ સ્ક્રીનીંગ કેમ્પ યોજવામાં આવ્યો હતો. પત્રકારોના આરોગ્યની ચકાસણી કરવા માટે રેડક્રોસ સોસાયટી, અમદાવાદ દ્વારા આધુનિક મશીનરી સાથે ઈ.સી.જી, કાર્ડિયોગ્રામ, રક્ત પરીક્ષણ, સહિત શરીરની સંપૂર્ણ હેલ્થ સ્ક્રીનીંગ આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ માહિતી નિયામક શ્રી એસ. જે. બલેવીયા અને માહિતી ખાતાના કર્મયોગીઓ પત્રકારોના સ્વાસ્થ્યની તપાસણી માટે હેલ્થ ચેકઅપ થઈ રહે તે માટે વ્યવસ્થાના ભાગરૂપે જોડાયા હતા. આ હેલ્થ સ્ક્રિનિંગ કેમ્પ અંગે પ્રતિભાવ આપતા મીડિયા કર્મીઓએ જણાવ્યું હતું કે આજના ભાગદોડ ભર્યા યુગમાં જૂનાગઢના પત્રકારો સમાજની નાનામાં નાની બાબતોના સમાચાર કવરેજ માટે સતત પ્રવૃત્તિશીલ હોય છે. ત્યારે જાણ્યે-અજાણ્યે અથવા તો આહાર-નિંદ્રામાં ઘણી વખત અનિયમિતતા ને લીધે પત્રકારો પોતાનાં સ્વાસ્થ્યની ખેવના છોડી કાર્યરત રહેતાં હોય અનેકવાર શારિરીક સ્વાસ્થ્ય સંબંધી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે આજે માહિતી ખાતુ અને રેડ ક્રોસ સોસાયટી દ્વારા અમારા પત્રકાર જગતની ચિંતા કરી રાજ્ય સરકારે જે ફીટ ઈન્ડિયા - ફીટ મીડિયા અંતર્ગત આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજ્યો છે. તે ખરેખર સરાહનીય છે. જેના થકી અમારા સ્વાસ્થ્યનો સાચો ખ્યાલ આવશે.

# જૂનાગઢમાં જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમરના અધ્યક્ષસ્થાને જીલ્લા કક્ષાનો ભૂલકા મેળો-૨૦૨૪ યોજાયો




જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર ના અધ્યક્ષ સ્થાને જીલ્લા કક્ષાનો ભૂલકા મેળો-૨૦૨૪ યોજાયો હતો.

બાળકોના પુર્વ પ્રાથમિક શિક્ષણ અંતર્ગત સર્વાંગી વિકાસ માટે આંગણવાડી કાર્યકર તેડાગર માતા-પિતા અને સમુદાયના લોકોને બાળ ઉછેરમાં તેમની ભૂમિકા સમજાવવા અને પુર્વ પ્રાથમિક શિક્ષણ અંગે જન જાગૃતિ માટે.આ ભૂલકા મેળા નું આયોજન કરવામાં આવેલ હતું .

જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ ઠુંમરે જણાવ્યુ હતુ કે,બાળક એ આવતીકાલનું ભવિષ્ય છે.તેમજ યોગ્ય પોષણ યુકત આહાર બાળકોને આપવો જોઈએ. તેમજ અન્ન (મીલેટસ)નો ઉપયોગ કરીને તેમજ આંગણવાડી કક્ષાએ આપવામાં આવતા ટેક હોમ રેશન(પુરક પોષણ)નો લાભ વધુ અને વધુ માત્રામાં મળે તેવા પ્રયાસો કરવામાં આવે.આંગણવાડી કક્ષાએ કાર્યકર/હેલ્પર દ્વારા જે માતા-યશોદા જેવી કામગીરી કરવામાં આવે છે.તે ખુબ સરાહનીય છે તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કુપોષણ મુકત ભારતના નારાને ચરિતાર્થ કરતા આપણે કુપોષણ સામેની આ લડાઈમાં દરેક બાળક સારા પ્રમાણમાં પોષણ યુક્ત આહારની સાથે સાથે પૂર્વ પ્રાથમિક શિક્ષણ મેળવે તેમજ તેમના માતા-પિતા અને વાલીઓ આ બાબતે વધુ ને વધુ જાગૃત થાય તે ખુબ જરૂરી છે.

ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ કણસાગરા,દ્વારા કાર્યક્રમને અનુરૂપ પોષણ યુક્ત આહારની સાથે સાથે પૂર્વ પ્રાથમિક શિક્ષણ પણ બાળકોના ઘડતર માટે ખુબ જરૂરી છે તેમ જણાવ્યુ હતું. આ ભૂલકા મેળામાં પ્રોગ્રામ ઓફિસર સુશ્રી વત્સલાબેન દવે દ્વારા સ્વાગત પ્રવચન અને બાળ વિકાસ યોજના અધિકારી ગીતાબેન વણપરીયાએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં કારોબારી સમિતિના ચેરમેન દિલીપસિંહ સિસોદિયા, જીલ્લા પંચાયતના સદસ્ય શ્રીમતી કંચનબેન ડઢાણીયા, તેમજ દરેક તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી તેમજ અન્ય અધિકારીગણ તથા કર્મચારીગણ ઉપરાંત આંગણવાડી કાર્યકર, બાળકોના માતા-પિતા,વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમ પ્રોગ્રામ ઓફિસર આઈ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત જૂનાગઢની યાદીમાં જણાવાયુ છે.

# અદાણી ગૃપ માધ્યમો જોગ નિવેદન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૨

યુ.એસ.ના ન્યાય વિભાગ અને યુ.એસ.ના સિક્યોરીટી અને એકસચેન્જ કમિશને અદાણી ગ્રીનના ડિરેકટરો સામે કરેલા આક્ષેપોને આધારહિન ગણાવી તેને નકારી કાઢ્યા છે.

અમેરિકાના ન્યાય વિભાગે પોતે જ આ આરોપોમાં સંડોવણીને આક્ષેપો જણાવ્યા છે અને બચાવકારો જ્યાં સુધી કસૂરવાર સાબિત ના થાય ત્યાં સુધી નિર્દોષ છે તેવું માનવામાં આવે છે. અને આ માટે શક્ય તમામ કાયદાકીય સલાહ મસલત સહિતના પગલા લેવામાં આવશે તેમ અદાણી ગૃપના પ્રવકતાએ આ નિવેદનમાં જણાવ્યું છે.

અદાણી ગૃપ હંમેશા તેના તમામ સમગ્ર કાર્યક્ષેત્રના કામકાજમાં નિયમનકારી ધારાધોરણનું પાલન કરવા સાથે સંચાલનની ઉચ્ચ ગુણવત્તા પૂરી પારદર્શિતા સાથે જાળવવા પ્રતિબધ્ધ છે. અમે અમારા હિસ્સેદારો, ભાગીદારો અને સમગ્ર કર્મચારીઓને ખાતરી આપીએ છીએ કે અમારો ઉદ્યોગ સમૂહ કાયદાને વરેલો અને તમામ કાયદાકીય પ્રક્રિયાની પરિસિમામાં રહી કામકાજ કરવા બંધાયેલો છે.

# જગત મંદિર ઉપર આરોહણ થતી તત્કાલ ધ્વજાજી માટેનો ડ્રો સંપન્ન

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૨

દ્વારકાના જગત મંદિર પર આરોહણ થતી તત્કાલ ધ્વજાજી માટેનો ડિસેમ્બર માસનો જાહેરમાં કરવામાં આવતો ડ્રો ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા ગત બુધવારે બ્રહ્મપુરી નંબર ખાતે યોજાયો હતો. જેમાં ધ્વજાજીના યજમાન વૈષ્ણવો, ભક્તો, તીર્થ પુરોહિતો, કારોબારી સદસ્યો, મધ્યસ્થ સભા સદસ્યો, સલાહકાર સમિતિ સદસ્યો,



સામાજિક કાર્યકરો વિગેરેની ઉપસ્થિતિમાં પારદર્શકતા પૂર્વક ડ્રો સંપન્ન કરવામાં આવ્યો હતો. અગાઉ ડ્રો માટેના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# સંપત્તિના અધિકાર પર મહત્ત્વપૂર્ણ નિર્ણય

તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટના નવ ન્યાયાધીશોની પીઠે સંપત્તિના અધિકાર પર આપેલ એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં લાંબા સમયથી ચાલી આવતી કાનૂની વિસંગતને સીમિત અર્થમાં જ પણ સુધારી લીધી. આ ચુકાદા પહેલાં વિભિન્ન કાયદા અને નિર્ણયોને કારણે સરકારો પાસે ખાનગી સંપત્તિને 'જાહેર હિત'નો ઉલ્લેખ કરીને અધિગ્રહણ કરવાનો વ્યાપક અધિકાર મળી ગયો હતો. સાથે જ તેમણે જાહેર અને ખાનગી ક્ષેત્રની સંપત્તઓને સામુદાયિક સંસાધનની શ્રેણીમાં મૂકવાનો પણ મનમાન્યો અધિકાર મળ્યો હતો. આ ઐતિહાસક નિર્ણય પ્રોપર્ટી ઓનર્સ એસોસએશન ઓફ મુંબઈ વિરુદ્ધ મહારાષ્ટ્ર સરકારના ૧૯૯૨થી ચાલ્યા આવતા એ કેસમાં આવ્યો છે, જેમાં અરજીકર્તાઓએ મહારાષ્ટ્ર આવાસ અને ક્ષેત્ર વકાસ પ્રાધિકરણ એક્ટ (મ્હાડા)ના ચેપ્ટર આઠને પડકાર્યો હતો. ૧૯૭૬માં પસાર અને ૧૯૮૬માં સંશોધત આ એક્ટ બંધારણના નીત નિર્દેશક સદ્ધાંત ૩૯(બી)નો હવાલો આપીને ખાનગી સંપત્તના સરકારી અધગ્રહણને યોગ્ય ઠેરવી રહ્યો હતો. અનુચ્છેદ ૩૯(બી) સમુદાયના ભૌતિક સંસાધનોની માલિકી અને નિયંત્રણ એ પ્રકારે વિતરિત કરવાની વાત કરે છે, જેમાં લોકહિતની પૂર્તિ સર્વોત્તમ રૂપે થઈ શકે. ઉપરોક્ત કેસમાં મ્હાડા દ્વારા સંપત્તિના અધકારના હનન ઉપરાંત અનુચ્છેદ ૩૯(બી) પર સ્પષ્ટીકરણની માંગ કરી હતી. અરજીકર્તાઓએ સુપ્રીમ કોર્ટને પૂછ્યું હતું કે ખાનગી સંપત્તિ સામુદાયિક સંસાધનના દાયરામાં આવે છે? સાથે જ આ કેસથી બેંચ સમક્ષ એ પ્રશ્ન પણ ઊભો થયો હતો કે શું સમયાંતરે આવેલાં સંશોધનો બાદ પણ અનુચ્છેદ ૩૧(સી)ની પ્રાસંગિકતા બની રહે છે?

એ ઉલ્લેખનીય છે કે ઈન્દિરા ગાંધીના શાસનકાળમાં કરવામાં આવેલ બેંકોના રાષ્ટ્રીયકરણને સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા નરસ્ત કર્યા બાદ ૨૫મા બંધારણીય સંશોધનથી અનુચ્છેદ ૩૧(સી) ને લાવવામાં આવ્યું હતું. આ અનુચ્છેદનું પ્રયોજન એ સુનિશ્ચિત કરવાનું હતું કે અનુચ્છેદ ૩૯(બી) અને ૩૯(સી)ને ન્યાયક સમીક્ષાથી પર રાખી શકાય અને સરકાર દ્વારા સંપત્તઓના અધિગ્રહણ કરવાની સ્થિતિમાં અનુચ્છેદ ૧૪ દ્વારા અપાયેલ સમાનતાના અધિકાર અને અનુચ્છેદ ૧૯(૧)(એફ)માં આપવામાં આવેલ સંપત્તિના મૌલક અધકારને આધાર બનાવીને ન્યાયિક પડકાર ન આપી શકાય. લોકરંજક રાજનીતિ અને વૈચારક ચેષ્ટાથી પ્રેરત આ સંશોધનને કેશવાનંદ ભારતી કેસમાં પડકાર મળ્યો અને સુપ્રીમની ૧૩ જજોની બેંચે પોતાના મહત્ત્વપૂર્ણ ચુકાદામાં અનુચ્છેદ ૩૧(સી)ને કાયદેસર તો ઠેરવી, પરંતુ અધિગ્રહિત સંપત્તઓને ન્યાયિક સમીક્ષાના દાયરામાં રહેવા દીધી. તેના પહેલાં ભૂમિ વિતરણ માટે વધતા દબાણમાં નેહરુ સરકાર દ્વારા લાવવામાં આવેલ પ્રથમ અને ચોથા સંશોધનો પર પણ સર્વોચ્ચ ન્યાયાલયે ગોલકનાથ વિરુદ્ધ પંજાબ રાજ્ય કેસમાં એક મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. તેમાં ધારાસભા દ્વારા સંપત્તિના અધિકાર સહિત અન્ય મૌલિક અધકારોને પ્રભાવિત કરતા સંશોધનો પર રોક લગાવી દેવામાં આવી.

તે તત્કાલીન ભારતીય રાજનીતિ પર છવાયેલા સમાજવાદી પ્રભાવનું જ પરણામ હતું કે જે મોરારજી દેસાઈએ ૧૯૬૯માં બેંકોના રાષ્ટ્રીયકરણના વિરોધમાં ઈન્દિરા કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું હતું, તેમના જ કાર્યકાળમાં ૧૯૭૮માં ૪૪મા બંધારણીય સંશોધનને કારણે સંપત્તિના અધિકારને મૌલિક અધિકારથી બદલીને માત્ર એક કાનૂની અધિકાર બનાવી દેવાયો હતો. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડના નેતૃત્વમાં રચાયેલી બેંચે અનુચ્છેદ ૩૧(સી)ને તો કેશવાનંદ ભારતી નિર્ણયને અનુરૂપ આંશિક રૂપે બહાલ રાખ્યો, પરંતુ ખાનગી સંપત્તના સરકારી નિયંત્રણ પર અંકુશ લગાવી દીધો. પોતાના આદેશમાં ન્યાયાલયે લખ્યું છે કે પ્રત્યેક ખાનગી સંપત્ત સમુદાયનું ભૌતક સંસાધન ન હોઈ શકે. સાથે જ ન્યાયાલયે ૧૯૮૩ના સંજીવ કોક વિરુદ્ધ ભારત કોકિંગ કોલ મામલે જસ્ટિસ ચિનપ્પા રેડ્ડીના નેતૃત્વવાળી પાંચ સદસ્યોની પીઠે એ નિર્ણય પર પણ પ્રતિકૂળ ટિપ્પણી કરી હતી, જેમાં જસ્ટિસ રેડ્ડીની પીઠે ઘોષિત રૂપે સમાજવાદી ઉદ્દેશ્યોની પૂર્તિ માટે જાહેર-ખાનગી ક્ષેત્રના તમામ સાહસોને સાર્વજનિક સંપત્તિ ઘોષિત કરી દીધી હતી. વર્તમાન પીઠે ૧૯૮૩ સહિત અન્ય ચુકાદાને એક વિશેષ આર્થક વિચારથી પ્રેરિત ગણાવીને ન્યાયને વૈચારક ચેષ્ટાઓથી મુક્ત રાખવાની મોટી વાત કહી છે.

સંપત્તિનો અધિકાર તમામ કાળખંડોમાં સભ્ય સમાજોની આધારશિલા મૂકી રહ્યો છે. સંપત્તિના અધિકાર વિના મનુષ્યની સ્વતંત્રતા અકલ્પનીય છે. કોઈપણ કારગત રાજકીય વ્યવસ્થા પાસે એવી અપેક્ષા હોય છે કે તે આ અધિકારની સુરક્ષા કરશે, પરંતુ આ વિષયમાં ભારતીય વિધાયિકાની ભૂમિકા નિરાશાજનક રહી છે. વાંધાજનક રીતે મેળવેલી અને સમરસતામાં અડચણ બનનારી જમીનદારી સંપત્તિઓ છોડી પણ દઈએ તો સમાજવાદી રાજનીતિએ વ્યવસાયથી લઈને મઠ-મંદિરોની ખાનગી સંપત્તિઓને પણ અનેક કાયદા બનાવીને અધિગ્રહિત કરી. સક્રિય રાજનીતિથી ન્યાયપાલિકામાં આવેલા જસ્ટિસ વીઆર કૃષ્ણા અય્યરના સમાજવાદી દષ્ટિકોણથી આપવામાં આવેલા ચુકાદાઓએ પણ કેટલાય સ્તરો પર ન્યાયપાલિકાને પ્રભાવિત કરી અને પરિણામે સંપત્તિનો અધિકાર કચડાતો રહ્યો.

સંપત્તિના માલિકને અલગ રાખીને સરકાર કે કબ્જેદાર કોઈ ખાનગી સંપત્તિનો નિર્ણય પરસ્પર કરી લે, એવી કલ્પના કાયદાના રાજ પર પ્રશ્નાર્થ ચિહ્ન લગાવે છે. જોકે ઉપરોક્ત વાદને જ લઈએ તો મ્હાડાનું ચેપ્ટર-૮ તેની અનુમતિ આપતું હતું કે જો સંપત્તિના ૭૦ ટકા કબ્જેદાર સહમતિ આપે તો તે સંપત્તિ તેમના દ્વારા બનાવવામાં આવેલ સહકારી સમિતિના નામે સ્થાનાંતરિત કરી શકાય છે. પાંચ નવેમ્બરના ચુકાદા છતાં હજુ એ સ્થતિ બહાલ નથી થઈ, જેમાં બંધારણ સભાએ લાંબી ચર્ચા બાદ સંપત્તિના અધિકારને મૌલિક અધિકારનું રૂપ આપ્યું હતું, પરંતુ તેનાથઈ સરકારોની મનમાની પર રોક અવશ્ય લાગશે. આ વિષય ન્યાયપાલિકા અને વિધાયિકા વચ્ચે સૌથી લાંબા સંઘર્ષનું કારણ બન્યો. એક નાનકડા કાળખંડને છોડી દઈએ તો સમાજવાદના નામે વિધાયિકા દ્વારા વ્યક્તિગત અધિકારોના હનનનો જે પ્રયાસ અવિરત ચાલ્યો છે, તેને રોકવામાં ન્યાયપાલિકાની ભૂમિકા પ્રશંસનીય રહી છે. આ ક્રમમાં આવેલ હાલના ચુકાદા માટે દેશ ન્યાયપાલિકાનો આભારી રહેશે.

### અમે ૯/૧૧નો બીજો હુમલો નથી ઈચ્છતા કે ન તો ૨૬/૧૧ જેવો મુંબઈ હુમલો ઈચ્છીએ છીએ

# આતંકવાદનો અંત એ પાકિસ્તાન સાથે વાતચીતની પહેલી શરતઃ ભારત

### પાકિસ્તાન દ્વારા ચલાવાઈ રહેલા સીમા પારના આતંકવાદનો મુદ્દો વૈશ્વિક મંચો પર ઉઠાવવા માટે ભારત સતત પ્રયત્નશીલ રહે છે

ન્યૂયોર્ક, તા.૨૨

પાકિસ્તાન દ્વારા ચલાવાઈ રહેલા સીમા પારના આતંકવાદનો મુદ્દો વૈશ્વિક મંચો પર ઉઠાવવા માટે ભારત સતત પ્રયત્નશીલ રહે છે. કોલંબિયા યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ એન્ડ પબ્લિક અફેર્સ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો વિષય 'રિસ્પોન્ડિંગ ટુ મેજર ગ્લોબલ ચેલેન્જિસઃ ધ ઈન્ડિયા વે' હતો. આ કાર્યક્રમમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂત પાર્વતનેની હરીશે પણ ભાગ લીધો હતો. અહીં તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન સાથે વાતચીત ત્યારે જ શરૂ થઈ શકે છે જયારે પાકિસ્તાન સીમા પારના આતંકવાદનો સંપૂર્ણપણે ખાતમો કરે.

ભારતીય રાજદૂતે કહ્યું છે કે ભારત સીમા પારના આતંકવાદનો શિકાર છે અને આતંકવાદ પ્રત્યે અમારી ઝીરો ટોલરન્સની નીતિ છે.ભારતીય રાજદૂતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે પાકિસ્તાન સાથે અમારો મુખ્ય મુદ્દો જ આતંકવાદ છે. ભારતીય રાજદૂતને પાકિસ્તાન વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન સાથે સંપર્ક કરવાનો અને વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતમાં પાકિસ્તાન દ્વારા ચાલી રહેલી આતંકવાદી ગતિવિધિઓએ વિશ્વાસને તોડી નાખ્યો છે. પાકિસ્તાન સાથેની વાતચીતમાં પહેલો મુદ્દો આતંકવાદનો અંત છે અને આ મહત્ત્વનો મુદ્દો છે.હરીશે ભારપૂર્વક જણાવ્યું હતું કે આતંકવાદ માનવતાના અસ્તિત્વ સામેનું એવું જોખમ છે જે કોઈ સરહદ જાણતો નથી કે કોઈ રાષ્ટ્રીયતા જાણતો નથી. આતંકવાદનો મુકાબલો આંતરરાષ્ટ્રીય સહયોગથી જ થઈ શકે છે. આતંકવાદ સામે લડવામાં ભારતના અભિગમની રૂપરેખા આપતા, હરીશે જણાવ્યું હતું કે દેશનું ધ્યાન આતંકવાદનો સામનો કરવા માટે તેના આંતરરાષ્ટ્રીય ભાગીદારોને જોડવા પર છે કારણ કે ભારત આ ખતરા પ્રત્યે ઝીરો ટોલરન્સ ધરાવે છે. ભારતીય રાજદૂતે કહ્યું હતું કે અમે ૯/૧૧નો બીજો હુમલો નથી ઈચ્છતા કે ન તો ૨૬/૧૧ જેવો મુંબઈ હુમલો ઈચ્છીએ છીએ.

# સૌથી વધુ આંધ્રપ્રદેશ - તેલંગાણાના વિદ્યાર્થીઓને યુએસ સ્ટુડન્ટ વિઝા મળ્યા

નવી દિલ્હી, તા.૨૨ : અમેરિકામાં અભ્યાસ કરવાનો ભારતીયોમાં ભારે ક્રેઝ છે. અહીંની વિશ્વ કક્ષાની યુનિવર્સિટીઓ સમગ્ર ભારતમાંથી વિદ્યાર્થીઓને આકર્ષે છે. જો કે, કેટલાક રાજ્યો એવા છે જ્યાં વિદ્યાર્થીઓ યુએસ વિઝા મેળવવામાં સૌથી આગળ છે. હાલમાં જ યુએસ કોન્સ્યુલેટ જનરલે એક રિપોર્ટ જાહેર કર્યો છે, જેમાં ૨૦૨૩માં ભારતીય વિદ્યાર્થીઓને આપવામાં આવેલા સ્ટુડન્ટ વિઝા વિશે માહિતી આપવામાં આવી છે. બે રાજ્યો એવા છે જ્યાં વિદ્યાર્થીઓને સૌથી વધુ વિઝા મળ્યા છે.

યુએસ કોન્સ્યુલેટ જનરલના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૩માં ભારતીય વિદ્યાર્થીઓને આપવામાં આવેલા કુલ સ્ટુડન્ટ વિઝામાંથી ૫૬ ટકા માત્ર બે રાજ્યોના વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા છે. આ રાજ્યો આંધ્રપ્રદેશ અને તેલંગાણા છે, જ્યાં વિદ્યાર્થીઓ વિઝા મેળવવામાં સૌથી આગળ છે. આમ, અમેરિકા ભણવા ગયેલા દર બે વિદ્યાર્થીઓમાંથી એક આંધ્રપ્રદેશ કે તેલંગાણાનો હતો. દૂતાવાસના ડેટા દર્શાવે છે કે અમેરિકન સંસ્થાઓમાં અભ્યાસ કરવા માટે દક્ષિણ ભારતના આ બે રાજ્યોના વિદ્યાર્થીઓ વચ્ચે કેવી સ્પર્ધા છે.

### રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાએ કહ્યું

# શાળા ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા દબાણ કરી શકશે નહિ

ગાંધીનગર, તા. ૨૨

પ્રવર્તમાન શિયાળાની ઋતુમાં બાળકોને ઠંડીથી સુરક્ષિત કરવા ખાનગી શાળાના સંચાલકો શાળામાં ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા બાળકો પર દબાણ કરી શકશે નહિ તેવી ચીમકી રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાએ આપી હતી. રાજ્ય શિક્ષણમંત્રી પાનશેરીયાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર હરહંમેશ વાલીઓ અને બાળકોની સાથે રહી છે. રાજ્યમાં ઠંડીના કારણે કોઈ પણ બાળકનું મૃત્યુ ન થાય તે માટે રાજ્ય સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે. રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીને જણાવવામાં આવ્યું છે કે, કોઈ પણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પોતાના ગણવેશને અનુરૂપ પાતળું, નિમ્ન કક્ષાના કાપડ ધરાવતું (ઠંડી ન રોકી શકે તેવું) સ્વેટર પહેરવા કોઈ પણ બાળક પર દબાણ કરી શકશે નહિ. જો કોઈ શાળાના સંચાલક એમની શાળાના નિર્ધારિત સ્વેટર બાળકને પહેરવા માટે આગ્રહ કરે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે. ખાનગી શાળાના સંચાલકોને વિનંતી સાથે મંત્રીએ જણાવ્યું હતું કે, કોઈ પણ શાળા બાળકોને તેમના દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરવા મજબુર કરી શકશે નહિ, તેમજ મંત્રીએ વાલીઓને અપીલ કરી કે, કોઈ પણ બાળકને, તેના માતા પિતા ઠંડી માટે તેમના જોડે ઉપલબ્ધ ઠંડી રક્ષણાત્મક સ્વેટર, ટોપી, હાથના મોજા પહેરાવી શકશે અને કોઈ પણ ખાનગી શાળા અને અન્ય શાળા તેમાં કોઈ પણ રોક ટોક કરી શકશે નહિ જો કોઈ શાળા તેમનાં દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરાવવાનો આગ્રહ કરશે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે તેમજ રાજ્ય સરકાર તે શાળા પર કડક કાર્યવાહી કરશે તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

# રશિયાએ યુદ્ધમાં પહેલીવાર ICBM મિસાઈલો છોડી

### મિસાઈલો અસ્ત્રાખાન વિસ્તારમાંથી છોડવામાં આવી હતી

મોસ્કો, તા.૨૨

યુક્રેન-રશિયા યુદ્ધ હવે ભયાનક સ્થિતિમાં પહોંચી રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. યુક્રેને અમેરિકન અને બ્રિટિશ મિસાઈલો વડે રશિયન શહેરોને નિશાન બનાવ્યા બાદ હવે રશિયાએ પણ પોતાનો દાવ ખેલ્યો છે. ગુરુવારે યુક્રેને કહ્યું કે લગભગ ૩ વર્ષથી ચાલી રહેલા આ યુદ્ધમાં રશિયાએ પહેલીવાર યુક્રેન પર ઈન્ટર-કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ છોડી છે. રશિયાએ યુક્રેનના ડિનિપ્રો શહેર પર ૨૧ નવેમ્બરે સવારે ૫ થી ૭ વાગ્યાની વચ્ચે ICBM મિસાઈલ વડે યુક્રેનિયન શહેર ડિનિપ્રો પર તાબડતોડ હુમલા કર્યા છે. આ માટે રશિયાએ RS-26 Rubezh મિસાઈલનો ઉપયોગ કર્યો હોવાની શક્યતા છે. જેને અસ્ત્રાખાન વિસ્તારમાંથી છોડવામાં આવી હતી. યુક્રેનની વાયુસેનાએ આ હુમલાની પુષ્ટિ કરી છે. આ મિસાઈલ ઉપરાંત કિંઝલ હાઈપરસોનિક અને KH-101 ક્રૂઝ મિસાઈલોથી પણ હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેનની વાયુસેનાએ એ વાતની પુષ્ટિ કરી છે કે, અમારી મહત્વપૂર્ણ સંસ્થાઓ, ઈમારતો અને માળખાને નુકસાન થયું છે. આ હુમલામાં બિન-પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ક્રૂઝ મિસાઈલો છોડવા માટે રશિયાએ તેના લાંબા અંતરના બોમ્બર Tu-95MS નો ઉપયોગ કર્યો છે. આ બોમ્બરોએ વોલ્ગોગ્રાડ વિસ્તારમાંથી ઉડાન ભરી હતી. જ્યારે કિંઝલ હાઈપરસોનિક મિસાઈલોને તામ્બોવ વિસ્તારમાંથી ઉડાન ભરેલ MiG-31K ફાઈટર જેટમાંથી છોડવામાં આવી હતી.

આ વચ્ચે રશિયાએ દાવો કર્યો છે કે, અમારી એર ડિફેન્સ સિસ્ટમે બે બ્રિટિશ સ્ટોર્મ શેડો મિસાઈલોને તોડી પાડી છે.

# ગુજરાતમાં વોટર મેટ્રો શરૂ થશે ! કોચીથી નિષ્ણાત ટીમ સુરતની મુલાકાત લેશે



સુરત તા. ૨૨

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન એ તેના ૨૦૨૩-૨૪ના વાર્ષિક બજેટમાં તાપી નદી પર વોટર મેટ્રો ચલાવવાની જોગવાઈઓ કરી છે. આ પ્રોજેક્ટના અમલીકરણ તરફના એક મહત્વપૂર્ણ પગલામાં, કોચીના નિષ્ણાતોની ટીમ, વોટર મેટ્રો ધરાવતું ભારતનું એકમાત્ર શહેર, ટૂંક સમયમાં સુરતની મુલાકાત લેશે. આ ટીમ પ્રોજેક્ટની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરશે અને સુરત તેના પોતાના ઉપયોગ માટે મોડલને કેવી રીતે અનુકૂલિત કરી શકે તે અંગે આંતરદષ્ટિ પ્રદાન કરશે.

આ વર્ષની શરૂઆતમાં, મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે ગુજરાત સરકારના પ્રતિનિધિ તરીકે નેધરલેન્ડની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે કોચી વોટર મેટ્રોના ટેકનિકલ નિષ્ણાતો સાથે મુલાકાત કરી હતી. ચર્ચા દરમિયાન સુરતની વોટર મેટ્રોની યોજના રજૂ કરવામાં આવી હતી. આ વાટાઘાટોના પરિણામે, કોચીથી નિષ્ણાત ટીમ આજે સુરતની મુલાકાત લેશે અને પ્રોજેક્ટની સંભવિતતાનું મૂલ્યાંકન કરશે.

દરમિયાન, રૂંધ-ભાથાને જોડતો પરંપરાગત બેરેજ પ્રોજેક્ટ નિર્માણાધીન છે, જે ઉપરવાસમાં જળાશય બનાવશે. આ પ્રોજેક્ટ, વોટર સ્પોર્ટ્સ માટેની જોગવાઈઓ સાથે, વોટર મેટ્રોના વ્યાપક વિઝનનો પણ એક ભાગ છે.

તાપી નદીના બંને કાંઠે મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ પર પણ કામ ચાલી રહ્યું છે, જેમાં સ્ટેશનો નિર્માણાધીન છે. વધુમાં, સુરતનો ૧૦૮ કિમીનો ઈછઝજ કોરિડોર હવે કાર્યરત છે. બેરેજની ઉપરની તરફ વોટર મેટ્રોને કેવી રીતે અમલમાં મૂકી શકાય, તેને મેટ્રો ટ્રેન સ્ટેશનો અને ઈછઝજ કોરિડોર સાથે જોડવા માટે નિષ્ણાતો ફિલ્ડ વિઝિટ કરશે.

# જીરૂ, વરીયાળી, ધાણા, મેથી, અજમો અને સુવા પાકના વાવેતર પહેલાં અને વાવેતર સમયે આટલું જરૂર કરો

### રવિ પાકોમાં રોગ- જીવાતોના સંકલિત વ્યવસ્થાપન માટે વાવેતર પહેલા ખેતી નિયામકની કચેરીએ મહત્વના પગલા સૂચવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૨

રાજ્યના ખેડૂતોને પાકમાં થતા રોગના વ્યવસ્થાપન માટે સમયાંતરે ખેતી નિયામકની કચેરી દ્વારા મહત્વપૂર્ણ પગલાઓ દર્શાવતી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે છે, જેથી ખેડૂતો તેમના પાકનું રક્ષણ કરીને બજારમાં સારા ભાવ મેળવી શકે. તે જ આશયથી જીરૂ, વરીયાળી, ધાણા, મેથી, અજમો અને સુવાના પાકમાં વાવણી પહેલાં અને વાવણી સમયે રોગ અને જીવાતોના સંકલિત વ્યવસ્થાપન માટે ખેતી નિયામકની કચેરીએ કેટલાક મહત્વના પગલા સૂચવ્યા છે. જીરાના પાકમાં કાળીયો અથવા કાળી ચરમી રોગના નિયંત્રણ માટે એક જ ખેતરમાં સતત જીરૂની વાવણી ન કરતાં પાક ફેરબદલી કરવી હિતાવહ છે. ઉપરાંત સેન્દ્રિય ખાતર તેમજ ભલામણ અનુસાર નાઈટ્રોજનયુક્ત ખાતરનો ઉપયોગ કરવો જોઈએ. સુકારો રોગના નિયંત્રણ માટે છાણીયું ખાતર ૧૦ ટન પ્રતિ હેક્ટર, દિવેલીનો ખોળ, રાયડાનો ખોળ, મરઘાંનું ખાતર ૨.૫ ટન પ્રતિ હેક્ટર અથવા ૦૫ કિ.ગ્રા. ટ્રાઈકોડર્મા હાર્જીયાનમને ૩ ટન છાણિયા ખાતર સાથે મીશ્ર કરી ૧૫ દિવસ સુધી સમૃધ્ધ કરી ૧ હેક્ટર માટે વાવણી સમયે જમીનમાં આપવું જેથી આ રોગને અટકાવી શકાય છે. આ ઉપરાંત રોગ-જીવાત પ્રતિકારક જાતો જેવી કે ગુજરાત જીરૂ-૪ અને ગુજરાત જીરૂ-૫, ગુજરાત વરિયાળી ૨, ગુજરાત વરિયાળી ૧૧, ગુજરાત વરિયાળી ૧૨, ગુજરાત મેથી ૨, જી.એમ.-૪ સુપ્રિયા, ગુજરાત ધાણા ૨, ગુજરાત ધાણા-૪ જી.સીઓઆર ૪ સોરઠ સુગંધ અને ગુજરાત સુવા ૩ જેવી જાતોનું વાવેતર કરવું જોઈએ. ભેજવાળું વાતાવરણ કાળી ચરમી માટે ખૂબ જ સાનુકૂળ હોવાથી રાઈ, ઘઉં અને રજકા વિગેરે પાણીની વધુ જરૂરિયાતવાળા પાકોની બાજુમાં જીરૂનું વાવેતર કરવાનું ટાળવું અથવા યોગ્ય અંતર રાખીને વાવેતર કરવું જોઈએ. વધુમાં, રોગ નિયંત્રણ માટે વાવણી પહેલાં બીજને ૦૩ ગ્રામ થાયરમ અથવા ૦૩ ગ્રામ કાર્બેન્ડેઝીમ ફૂગનાશક દવાનો એક કિલો બીયારણ પ્રમાણે પટ આપવો જોઈએ. જ્યારે, જીરૂના કાળી ચરમી રોગના નિયંત્રણ માટે પુંખીને વાવેતર કરવાને બદલે ૩૦ સેમીના અંતરે ચાસમાં વાવણી કરવી અને પિયત બાદ આંતર ખેડ કરવી. પિયત માટે કયારા ખૂબ જ નાના અને સમતલ બનાવવા જોઈએ જેથી એક સરખું અને હલકું પિયત આપી શકાય. વરિયાળીમાં મૂળનો કોહવારો અથવા થડનો સડો રોગના નિયંત્રણ માટે ધરૂને ફેરરોપણી કરતાં પહેલાં ૪૦ ગ્રામ ત્રાંબાયુક્તા દવાનું ૧૦ લિટર પાણીમાં દ્રાવણ બનાવી ધરૂને દ્રાવણમાં બોળીને વાવવા જેથી આ રોગને અસરકારક રીતે અટકાવી શકાય છે. દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ખંભાળિયામાં આગામી બુધવારથી ચાર દિવસ યોગ આધારિત હેપીનેસ પ્રોગ્રામ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૨

ખંભાળિયામાં આર્ટ ઓફ લિવિંગ પરિવાર દ્વારા આગામી બુધવાર તા.૨૭ થી તા.૩૦ સુધી ચાર દિવસ હેપીનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુદર્શન ક્રિયા, યોગ આધારિત યોગાસન, પ્રાણાયામ, ધ્યાન તથા સુદર્શન ક્રિયા દ્વારા શારીરિક અને માનસિક તંદુરસ્તી તથા કાર્યમાં કુશળતા સાથે ભાવનાઓમાં સંતુલન મેળવી શકાશે. આ માટે અત્રે રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલા પાળેશ્વર મંદિર સામેના વૃજ કોમ્પ્લેક્સમાં તારીખ ૨૭ થી તારીખ ૩૦ નવેમ્બર સુધી સવારે ૫:૪૫ થી ૮:૧૫ તેમજ સાંજે ૪ થી ૬:૩૦ દરમિયાન સુદર્શન ક્રિયા કાર્યક્રમમાં સહભાગી થવા મોબાઈલ નંબર ૯૪૨૮૪૧૧૩૯૯ અને ૯૯૯૮૯ ૬૮૬૦૮ પર સંપર્ક સાધવા ઉપેનભાઈ ચંદારાણાની એક યાદીમાં જણાવાયું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સાચી મહેનત વગર કોઈપણ વ્યક્તિમાં મહાન વ્યક્તિત્વ પેદા થઈ શકતું નથી...

-એરિસ્ટોટલ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક વદ-૭, તા.૨૨ નવેમ્બર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૧૯, આશ્લેષા નક્ષત્ર, બ્રહ્મ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૧૦, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), સાંજે ૫:૧૦ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મનની મુરાદ બર ન આવે. ગૃહ વિવાદ થાય, સાંચવીને કામ કરવું.
વૃષભ:અણધારી આફતના ભોગ બનવું પડે. કાર્યક્ષેત્રની નુક્શાની.
મિથુન:આરોગ્યની બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. ગૃહવિવાદ.
કર્ક: કાર્યક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી શકશો. નવા શુભ સમાચાર મળે.
સિંહ: આર્થિક સમસ્યા દૂર થાય. કૌટુંબિક વાતાવરણ આનંદ-મંગલમય રહે.
કન્યા: પ્રવાસમાં લાભ થાય. કર્મક્ષેત્રે વિશેષ લાભ મેળવી શકશો.
તુલા: નવિન સમાચાર મળે. જીવનસાથીથી મદદ મળે.
વૃશ્ચિક:આર્થિક નુક્શાની ભોગવવી પડે. ખોટા સાહસોથી દૂર રહેવું.
ધન: વ્યર્થ ચિંતાના ભોગ બનવું પડે. વ્યવહારોમાં અંતરાયથી દૂર રહેવું.
મકર: વાણીસંયમ જાળવવો હિતાવહ. કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ મળે.
કુંભ: મનમાં પ્રસન્નતા રહે. કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય.
મીન: પ્રવાસમાં સફળતા મળે. અણધાર્યો લાભ મેળવી શકશો.

# પરિવર્તન વગર સફળતા નથી, આગામી સમયમાં દેશની એન્ટી ક્રિમિનલ સિસ્ટમ સૌથી આધુનિક બનાવાશે : અમિત શાહ



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના દહેગામ તાલુકામાં લવાડ ખાતેની રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલનની ઐતિહાસિક સુવર્ણ જયંતિ આવૃત્તિનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિત કરવામાં આવ્યું હતું. સંશોધન અને વિકાસ બ્યુરો તથા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે ૫૦માં અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલનનું તા.૧૯ અને ૨૦ નવેમ્બર એમ બે દિવસ યોજાયું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલન માત્ર મીટીંગનું બહાનું ન બની રહે અને આ કાર્યક્રમ અસરકારક બને એ માટેની તકેદારી ખૂબ જ જરૂરી છે. દેશ, દુનિયા, અપરાધ જગત બધામાં જે રીતે પરિવર્તન આવી રહ્યું છે, તે રીતે પોલીસે અપરાધના વિરોધમાં લડવાની ક્ષમતા દર્શાવતી સિસ્ટમ મજબૂત બનાવવાની જરૂર છે. જ્યારે આ જવાબદારી પોલીસ વિજ્ઞાન કોંગ્રેસ સ્વીકારે છે, ત્યારે આપણે તેનું નવું સ્વરૂપ અને બદલાવ સાથે અનુસંધાન અને વિકાસ બે શબ્દને જોડી જન જન સુધી સુરક્ષા પહોંચાડવાની જવાબદારી છે. તેમણે જણાવ્યું હતું કે, આવનારા પડકારો સમજ્યા વગર કોઈ પ્લાનિંગ કરાય તો તેમાં ક્યારેય સફળતા મળતી નથી. ભારત આવનારા ૨૦ વર્ષોમાં દરેક ક્ષેત્રમાં અવ્વલ બની રહેશે. આ ૧૦ વર્ષોમાં સૌએ હવે ટેકનોલોજી સાથે કદમ મિલાવી આગળ વધવાનું છે. કોઈ પણ વ્યવસ્થામાં જ્યારે આગળ વધો ત્યારે રૂકાવટો જરૂર આવે છે, તેને દૂર કરી આગળ વધતા આશ્ચર્યજનક સફળતાઓ પણ પ્રાપ્ત થઈ છે. એપ્રિલ- ૨૦૨૮ પહેલા આપણે દુનિયાની ત્રીજા નંબરની સૌથી મજબૂત અર્થતંત્ર ધરાવતા દેશના નાગરિક હોવાનો ગર્વ કરીશું. તેમણે જણાવ્યું હતું કે, ‘‘પરિવર્તન વગર સફળતા નથી આવનારા સમયમાં ભારતની એન્ટી ક્રિમિનલ સિસ્ટમને સૌથી આધુનિક સૌથી તેજ બનાવવાની શરૂઆત પણ થઈ ચૂકી છે. જેમા ત્રણ નવા અપરાધિક કાનૂનની શરૂઆત બાદ દેશના કોઈપણ ખૂણાની કોઈ પણ કોર્ટમાં વધુને વધુ ત્રણ વર્ષ સુધીમાં ન્યાય મળી જશે. હવે ન્યાય માટે વર્ષો સુધી રાહ નહીં જોવી પડે. તેમ જવાબદારી સાથે જણાવું છું.’’ તેમ જણાવતા તેમણે જણાવ્યું હતું કે લક્ષ્યની શરૂઆતથી પરિણામ એટલે કે સફળતા સુધી આપણે જવાનું છે પરંતુ આ સફળતા કોઈ અંકો કે આંકડાઓથી સાબિત થતી નથી કે, આવા આંકડાઓથી લક્ષ સિદ્ધિ પણ થતી નથી. તેમણે કહ્યું કે નાર્કોટિક ક્ષેત્રે ૦૫ લાખ ૪૫ હજાર કિ.ગ્રા અને અત્યારેની કિંમતે રૂા. ૩૫ હજાર કરોડનો માલ જપ્ત કરવામાં આપણે સફળતા મેળવી છે. આનો મતલબએ નથી કે, નાર્કોટિકના કેસ વધ્યા છે, તેમણે કહ્યું કે, કોમ્પ્યુટરાઈઝેશન સી.સી.ટી. એન.એસ થકી સૌથી પહેલા આ પ્રક્રિયામાં ૧૭૦૦૦ પોલીસ સ્ટેશનને જોડવામાં આવ્યા છે. તેમનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઈ- કોર્ટના માધ્યમથી ૨૨ હજાર અદાલતોને જોડવામાં આવી, વિઝનમાં બે કરોડ કેદીઓનો ડેટા ઉપલબ્ધ છે, અને પ્રોહિબિશનમાં એક કરોડપચાસ લાખથી વધુ પ્રોહિબિશનનો ડેટા છે, ઈફોરેન્સિકમાં ૨૩ લાખથી વધુ ફોરેન્સિક યુઝર્સનો ડેટા ઉપલબ્ધ છે. અંતે તેમણે કહ્યું હતું કે ૧૫૦ વર્ષ જૂના કાયદામાં નાગરિકો મધ્યમાં ન હતા. જ્યારે હવે બનેલા ત્રણ કાયદામાં નાગરિક અને નાગરિકના અધિકાર ધ્યાનમાં રાખીને આ કાયદો બનાવવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે, એ.આઈના ઉપયોગ કરી સંગ્રહેલા ડેટાને પરિણામલક્ષી બનાવી એનાલિસિસ થકી પ્રેક્ટિકલ વિશ્લેષણ દ્વારા વ્યવસ્થાને સુધારવાની જરૂરિયાત હોવાનું સૂચન કર્યું હતું.આ વિષયને તેમણે એક ચેલેન્જના રૂપમાં સ્વીકારવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દેશની સ્વતંત્રતાની શતાબ્દિ સુધીના આ અમૃતકાળમાં ભારત દરેક ક્ષેત્રમાં સર્વ પ્રથમ, સક્ષમ અને આત્મનિર્ભર બને તેવો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંકલ્પ છે. દેશને આત્મનિર્ભર અને વિકસિત બનાવવાની પહેલી શરત છે કે, દેશની સીમાઓ સુરક્ષિત હોય અને દેશમાં આંતરિક સુરક્ષા અને કાયદો વ્યવસ્થા મજબૂત હોય.

# રાજ્યમાં બિનખેતી જમીનના રિડેવલપમેન્ટ માટે પ્રવર્તમાન જંત્રીના ૧૦ ટકા વસૂલવામાં આવશે

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં મહેસૂલી સેવા અને કાર્ય પદ્ધતિને વધુ સરળ બનાવવાના જનહિતકારી અભિગમથી એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. એટલે કે રાજયમાં બિન ખેતી પરવાનગી પ્રક્રિયાના હેતુ ફેર (રિડેવલપમેન્ટ વગેરે)ને લઈ નવી જાહેરાત કરાઈ છે રાજ્યમાં કોઈ પણ હેતુ માટે અગાઉ N.A. થયેલી જમીનની કોઈપણ દરખાસ્ત પુર્નઃ હેતુફેરમાટે જિલ્લા કલેકટર સમક્ષ રજૂ થાય ત્યારે જો પ્રિમીયમ વસૂલાત પાત્ર હોય અને અગાઉના બિનખેતીના નિર્ણય વખતે પ્રિમિયમ વસૂલ કરવાનું રહી ગયું હોય તેવા કિસ્સામાં હાલ આવું પ્રિમીયમ પ્રવર્તમાન જંત્રી દરના ૩૦ ટકા પ્રમાણે વસૂલ કરવાની પ્રથા અમલમાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સંદર્ભમાં સમાજના વિવિધ વર્ગો દ્વારા થયેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે મહેસુલ વિભાગને દિશા નિર્દેશો આપ્યા છે. તદઅનુસાર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવો નિર્ણય કર્યો છે કે, ભૂતકાળમાં પ્રતિબંધિત સત્તા પ્રકાર અને નવી અને અવિભાજ્ય શરતની જમીનમાં પ્રિમીયમની રકમ વસુલવાપાત્ર હતી પણ તે રકમ વસુલ લીધા વિના બિનખેતી પરવાનગી આપવામાં આવેલ છે તેવી જમીનમાં હાલના અરજદાર/ કબ્જેદાર પાસેથી પ્રવર્તમાન જંત્રી કિંમતના ૧૦% પ્રિમીયમની રકમવસુલ કરીને રીવાઈઝ્ડ બિનખેતીની પરવાનગી આપવાની રહેશે. એટલું જ નહીં, જે કિસ્સાઓમાં પ્રિમીયમ વસૂલાતનો અગાઉ નિર્ણય થઈ ગયેલો હોય તેવા કિસ્સાઓમાં આ નિર્ણય લાગુ કરવામાં આવશે નહીં. મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે રાજ્યમાં રિવાઈઝડ બિન ખેતી પરવાનગીની પ્રક્રિયામાં પારદર્શિતા તથા ત્વરિતતા આવશે તેમજ રિડેવલપમેન્ટ પ્રક્રિયાને પણ વેગ મળશે.

# મતદાર યાદી સુધારણા માટે ૨૩-૨૪મીએ સ્કૂલો ચાલુ રાખવા તાકીદ

## જે સ્કૂલોમાં મતદાન મથકો નક્કી કરાયા છે ત્યાં ખાસ ઝુંબેશના ભાગરૂપે કામગીરી કરાશે

અમદાવાદ,તા.૨૨

ચૂંટણી પંચની સુચના અનુસાર હાલમાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે. જેમાં ખાસ ઝુંબેશના દિવસો તરીકે હવે ૨૩ અને ૨૪ નવેમ્બરના રોજ હક્ક દાવા અને વાંધા અરજીઓ સ્વિકારવામાં આવશે. આ માટે તમામ મતદાન મથકો ઉપર કામગીરી કરવામાં આવનાર હોવાથી સ્કૂલો ચાલુ રાખવા માટે આદેશ કરાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ૧ જાન્યુઆરી, ૨૦૨૫ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલો છે. ચુંટણી પંચ દ્વારા આપવામાં આવેલા કાર્યક્રમ મુજબ હક્ક દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવાનો સમયગાળો ૨૯ ઓક્ટોબરથી ૨૮ નવેમ્બર સુધી નિયત કરવામાં આવેલો છે. રાજ્યમાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતવિભાગોમાં ખાસ સંક્ષિપ્ત સુધારણાના કાર્યક્રમ અન્વયે ૧૭ નવેમ્બર ઉપરાંત ૨૩ નવેમ્બર શનિવાર અને ૨૪ નવેમ્બર રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસો તરીકે યોજવા ભારતના ચૂંટણી પંચ દ્વારા મંજુરી આપવામાં આવેલી છે. જેના પગલે રાજયમાં આવેલા વિધાનસભા મતવિભાગમાં આવેલા દરેક મતદાન મથકો ખાતે ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૧૦ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી વિધાનસભાના બુથ લેવલ ઓફીસરો દ્વારા હક્ક દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવામાં આવશે. જે સમયગાળા દરમ્યાન મતદારો મતદાન મથકોએ જઈને હક્ક દાવા અને વાંધા અરજીઓ રજુ કરી શકશે. જેથી મતદારો અને ઓફીસરો માટે યોગ્ય પ્રાથમિક સુવિધાઓની વ્યવસ્થા કરવા સુચના આપવામાં આવી છે. આ ખાસ દિવસો દરમ્યાન સ્કૂલોમાં જરૂરી વ્યવસ્થા કરવા માટે દરેક જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલોને પત્ર મોકલી જાણ કરી હોવાનું પણ જાણવા મળે છે. ઉપરાંત સ્કૂલોના ટ્રસ્ટી, આચાર્ય, જવાબદાર કર્મચારી, પટાવાળા, ચોકીદારને આ અંગે યોગ્ય સુચના આપવા માટે પણ તાકીદ કરાઈ છે. જો સ્કૂલો દ્વારા આ સુવિધાઓ પુરી પાડવામાં નહીં આવે તો, ચુંટણી પંચને આ બાબતે રજુઆત કરવામાં આવશે.

# રેશનીંગના દુકાનદારો નવી પદ્ધતિ મુજબ ઈ-પ્રોફાઈલ બનાવી ન શકતા ગૂંચ

ગાંધીનગર,તા.૨૨

પુરવઠા વિભાગ દ્વારા ૧૪ નવેમ્બરથી ભૂતિયા રેશનિંગ દુકાન સંચાલકોને નાથવા ઈ-પ્રોફાઈલ બાદ જ વિતરણ વ્યવસ્થા થઈ શકે તેવી નવી પદ્ધતિનો અમલ શરૂ કરી દેતા રાજયની કેટલીક દુકાનના સંચાલકો ઈ- પ્રોફાઈલની તમામ વિગતો તૈયાર ન કરી શકતા તેઓ લોગ ઈન કરી નહીં શકતા હોવાની સમસ્યા સર્જાઇ છે. તેના કારણે ગ્રાહકોને અનાજ વિતરણ કરી શકાતું નહીં હોવાથી સંચાલકોને થોડો સમય આપવા માગણી કરાઈ છે. પુરવઠા વિભાગની નવી પદ્ધતિના કારણે ભૂતિયા સંચાલકો ઉપર અંકુશ આવી શકતો હોવાથી તેને આવકારવામાં આવી છે. જો કે દુકાનદાર નેશનલ બેન્કનું એકાઉન્ટ અને આધાર કાર્ડ સાથેનું પાન કાર્ડ અપડેટ કરાવીને ઈ-પ્રોફાઈલ સબમિટ કરાવે તો જ તેના લોગ ઈન અને થમ્બથી સિસ્ટમ કાર્યરત થઈ શકે છે. તે સાથે જો કોઈ રેશનિંગની દુકાન સહકારી મંડળી થકી સંચાલિત હોય તો દુકાનદાર સંચાલકના નહીં પણ સહકારી મંડળીના ચેરમેન કે સેક્રેટરીના નામનું આધાર કાર્ડ અને પાન કાર્ડ આપીને સહકારી મંડળીના નામનું પાન કાર્ડ બનાવીને તેને ઈ-પ્રોફાઈલમાં અપડેટ કરાવાનું અનિવાર્ય છે. તે પછી જ લોગ ઈન કરીને વિતરણ વ્યવસ્થા ચાલુ કરી શકાય તેમ છે. આ પદ્ધતિઓમાં જે દુકાનદાર સંચાલકો બાકી રહી ગયા છે તેમને નવા પાન કાર્ડ બનાવવા સમય આપવામાં આવે તેવી માગણી દુકાનદારો દ્વારા કરવામાં આવી છે. જેથી તે ઈ-પ્રોફાઈલ અપડેટ કરાવી શકે અને રેશનિંગની દુકાનમાં આવતા ગ્રાહકોને અનાજના વિતરણ વ્યવસ્થા યથાવત રાખી શકે. જે સંચાલકનું ઈ-પ્રોફાઈલ અપડેટ ના થયું હોય તેમનો ખુલાસો માગીને વિતરણ વ્યવસ્થા અટકે નહીં તેવો ઉપાય કરવા પણ માગણી કરવામાં આવી છે.

# અમેરિકી પ્રતિબંધ હટાવ્યા બાદ યુક્રેને ૬ અમેરિકન નિર્મિત મિસાઈલો છોડી હોવાનો રશિયાનો દાવો

(એજન્સી) તા.૨૨

રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, અમેરિકા દ્વારા યુક્રેન યુદ્ધમાં અમેરિકન નિર્મિત શસ્ત્રોના યુક્રેનના ઉપયોગ ઉપરના પ્રતિબંધોને હળવા કર્યાના થોડા દિવસો બાદ જ રશિયાના બ્રાયન્સ્ક પ્રદેશ ઉપર યુએસ નિર્મિત છ મિસાઈલો છોડવામાં આવી હતી. સૈન્યએ ATACMS તરીકે ઓળખાતી પાંચ આર્મી ટેક્ટિકલ મિસાઈલ સિસ્ટમને તોડી પાડી હતી અને એકનો નાશ કર્યો હતો. આ કાટમાળ એક લશ્કરી સુવિધાના પ્રદેશ ઉપર પડ્યો હતો, મંત્રાલયે જણાવ્યું હતું કે, નીચે પડેલા કાટમાળને કારણે આગ લાગી હતી, પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. યુક્રેને દાવો કર્યો હતો કે, તેણે મધ્યરાત્રિએ બ્રાયન્સ્કમાં લશ્કરી શસ્ત્રોના ડેપો ઉપર હુમલો કર્યો હતો, જો કે, તેણે કયા શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો તે સ્પષ્ટ કર્યું નથી. યુક્રેનિયન જનરલ સ્ટાફે અહેવાલ આપ્યો કે, લક્ષિત વિસ્તારમાં ઘણા વિસ્ફોટો સાંભળવામાં આવ્યા હતા. બાઈડેને યુક્રેનને શસ્ત્રો ઉપરની મર્યાદાઓ હળવી કરીને, રશિયાની અંદર ઊંડે સુધી પ્રહાર કરવા માટે યુએસ દ્વારા પૂરી પાડવામાં આવેલ લાંબા અંતરની મિસાઈલોનો ઉપયોગ કરવા માટે અધિકૃત કર્યા છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેનની ઉત્તરીય સરહદે ઉત્તર કોરિયાના સૈનિકોને યુક્રેનિયન દળો દ્વારા કબજે કરેલા કેટલાક પ્રદેશો ઉપર ફરીથી દાવો કરવાનો પ્રયાસ કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. રશિયાએ કહ્યું છે કે, લાંબા અંતરની અમેરિકન-નિર્મિત મિસાઈલોના ઉપયોગને મંજૂરી આપવાનો યુએસનો નિર્ણય યુક્રેન-રશિયા યુદ્ધમાં તણાવમાં વધારો કરે છે. અગાઉ મંગળવારે પુતિને એક સુધારેલા પરમાણુ સિદ્ધાંત ઉપર હસ્તાક્ષર કર્યા હતા જેમાં ઘોષણા કરવામાં આવી હતી કે, પરમાણુ શક્તિ દ્વારા સમર્થિત કોઈપણ રાષ્ટ્ર દ્વારા રશિયા ઉપર પરંપરાગત હુમલો તેના દેશ પર સંયુક્ત હુમલો માનવામાં આવશે.

# સગાં-સંબંધી શિક્ષણ બોર્ડની પરીક્ષા આપતા હશે તો કર્મચારીને કામગીરી નહીં સોંપાય


## રાજ્યના તમામ જિલ્લાઓમાંથી આવા કર્મચારીઓની વિગતો સાત દિવસમાં બોર્ડને મોકલવા આદેશ

અમદાવાદ, તા.૨૨

શિક્ષણ બોર્ડની આગામી ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં સગા-સંબંધી ઉપસ્થિત રહેનાર હોય તેવા અધિકારીકર્મચારીઓને પરીક્ષાની કામગીરીથી અળગા રાખવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ પાસેથી આવા કર્મચારીઅધિકારીઓની વિગતો ૭ દિવસમાં મંગાવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જાહેર પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થનારી છે. બોર્ડની પરીક્ષા માટે ઉપયોગમાં લેવનારા કર્મચારીઓ પૈકી જેમના સગા-સંબંધી બોર્ડની પરીક્ષા આપતા હોય તેમને બોર્ડની પરીક્ષાની કામગીરીમાં સમાવવામાં આવતા ન હોવાથી આવા કર્મચારીઓની વિગતો એકત્ર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને આ અંગે જાણ કરી છે. જેમાં જણાવાયું છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫માં ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞા પ્રવાહની પરીક્ષા લેવામાં આવનાર છે. ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થનારી આ પરીક્ષામાં રાજયના નિયમિત, રીપીટર, પૃથ્થક, ખાનગી ઉમેદવારો ઉપસ્થિત રહેશે. આ પરીક્ષાની કામગીરીમાં સંકળાયેલા કોઈ પણ અધિકારી કે કર્મચારીના નજીકના સગાઓ એટલે કે પતિ, પત્ની, પુત્ર, પુત્રી, ભાઈ, બહેન, ઔરમાન પુત્ર-પુત્રી, ઔરસ પુત્ર-પુત્રી, સાવકા પુત્ર-પુત્રી કે લોહીના સંબંધ કે વિવાહ સંબંધના કારણે સગપણ ધરાવતા હોય અને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પરીક્ષામાં ઉપસ્થિત થનારા હોય તો તેવા અધિકારી-કર્મચારીઓને પરીક્ષાલક્ષી કોઈપણ કામગીરી સોંપવી નહીં. આ અંગેની ખાસ તકેદારી રાખવા બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને જણાવાયું છે. આટલું જ નહીં, જિલ્લા શિક્ષણાધિકારીએ પણ જો તેમના નજીકના સગાની વ્યાખ્યામાં આવતા બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થનારા હોય તો તે અંગેની જાણ શિક્ષણ બોર્ડની કચેરીને ૭ દિવસમાં કરવાની રહેશે.

# ૨૦૨૩માં દર કલાકે માર્ગ અકસ્માતમાં ૨૦ લોકોએ જીવ ગુમાવ્યા

## બાઈકસવારો વધુ ભોગ બને છે; દિલ્હી અકસ્માતો માટે સૌથી ભયંકર શહેર છે



નવી દિલ્હી, તા.૨૨

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા સંકલિત વાર્ષિક ડેટા અનુસાર, ગયા વર્ષે દેશમાં દર કલાકે માર્ગ અકસ્માતમાં સરેરાશ ૨૦ લોકોના મોત થયા હતા, જેમાં ૨૦૨૩માં ૧,૭૨,૮૯૦ મૃત્યુ થયા હતા. દર કલાકે સરેરાશ ૫૫ અકસ્માતો સાથે, દેશમાં ગયા વર્ષે ૪,૮૦,૫૮૩ માર્ગ અકસ્માતો નોંધાયા હતા. ૨૦૨૨થી આ સંખ્યા માર્ગ અકસ્માતોમાં ૪.૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. લોકોના મૃત્યુ ઉપરાંત, કેશના પરિણામે ૨૦૨૩માં પ્રતિ કલાક ૫૩ લોકોને ઈજાઓ થઈ હતી, જે ગયા વર્ષે ૪,૬૨,૮૨૫ હતી. આ સંખ્યાઓ ૨૦૨૨થી મૃત્યુમાં ૨.૬ ટકા અને ઈજાઓમાં ૪.૪ ટકા વધારો દર્શાવે છે. દિલ્હીમાં ૨૦૨૩માં શહેરોમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુની સૌથી વધુ સંખ્યા ૧,૪૫૭ નોંધાઈ હતી, ત્યારબાદ બેંગલુરૂર (૯૧૫) અને જયપુર (૮૪૯)નો નંબર આવે છે. રાજ્ય સ્તરે, ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૨૩૬૫૨ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા ત્યારબાદ તમિલનાડુ (૧૮,૩૪૭) અને મહારાષ્ટ્ર (૧૫૩૬૬) છે. તમામ રાજ્યોમાંથી તામિલનાડુમાં સૌથી વધુ ૬૭,૨૧૩ માર્ગ અકસ્માતો નોંધાયા છે, ત્યારબાદ મધ્યપ્રદેશ, કેરળ, ઉત્તર પ્રદેશ અને કર્ણાટકનો નંબર આવે છે. ૨૦૨૩માં દર લાખની વસ્તી દીઠ આશરે ૮૭ અકસ્માતો સાથે તમિલનાડુમાં સતત છઠ્ઠા વર્ષે સૌથી વધુ અકસ્માતો નોંધાયા હતા. જો કે, દેશભરમાં માર્ગ અકસ્માતમાં થયેલા મૃત્યુમાં ઉત્તર પ્રદેશનાહિસ્સો ૧૩.૭ ટકા છે. આ માહિતી અનુસાર, માર્ગ અકસ્માતની તીવ્રતા દર ૧૦૦ કેશમાં થતાં મૃત્યુથી માપવામાં આવે છે જે મોટાભાગે યથાવત છે. તેમાં ૨૦૨૨માં ૩૬.૫થી ૨૦૨૩માં ૩૬ સુધી થોડો ઘટાડો થયો છે. વાહનોની ઝડપી ગતિ એ આ મૃત્યુનું મુખ્ય કારણ છે, જે તમામ માર્ગ અકસ્માત મૃત્યુમાં ૬૮.૧ ટકા છે. આ મૃત્યુમાં લગભગ અડધા લોકો ટુવ્હીલર વપરાશકર્તાઓ હતા, જે કુલ મૃત્યુના ૪૪.૮ ટકા હતા. બીજી બાજુ, રાહદારીઓ, માર્ગ અકસ્માતના તમામ મૃત્યુના ૨૦ ટકા છે. ડેટા એ પણ દર્શાવે છે કે ભારતના રાજ્ય અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો, જે ભારતના કુલ રોડ નેટવર્કના માત્ર ૪.૯ ટકાનો સમાવેશ કરે છે, તે સૌથી ભયંકર છે, જે તમામ માર્ગ અકસ્માતના મૃત્યુના ૫૯.૩ ટકા હિસ્સો ધરાવે છે. અંદાજે ૨૬ બાળકો દરરોજ અકસ્માતોમાં મૃત્યુ પામે છે, એટલે કે, કુલ અકસ્માત મૃત્યુના લગભગ ૬ ટકા છે. તે ૨૦૨૨ની સરખામણીમાં ૦.૪૧ ટકાનો ઘટાડો દર્શાવે છે. જો કે, ૧૮થી ૪૫ વર્ષની વયની વ્યક્તિઓ મોટાભાગના રોડ અકસ્માતમાં મૃત્યુ પામે છે. આવા ૮૫.૨ ટકા મૃત્યુમાં પુરૂષો પ્રાથમિક ભોગ બન્યા હતા, જ્યારે મહિલાઓ ૧૪.૮ ટકા હતી. ગ્રામીણ વિસ્તારોમાં જાનહાનિ વધુ છે, જે શહેરી વિસ્તારોમાં ૩૧.૫ ટકાની સરખામણીમાં કુલ મૃત્યુના ૬૮.૪ ટકા છે. ૨૦૨૦માં, વર્લ્ડ રોડ સ્ટેટિસ્ટિક્સ ૨૦૨૨ અનુસાર, ભારત રોડ અકસ્માતમાં મૃત્યુમાં વૈશ્વિક સ્તરે પ્રથમ ક્રમે છે. દેશમાં ૩,૪૫,૨૩૮ અકસ્માતો અને ૧,૩૧,૭૧૪ મૃત્યુ સાથે, ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સથી આગળ છે અને દેશમાં ૩૮.૧૫નો કેશ ગંભીરતા દર નોંધવામાં આવ્યો છે.

# મહારાષ્ટ્ર ચૂંટણી : પાંચ કારણોસર ભાજપને એમ લાગે છે કે મહાયુતિ બાજી મારી જશે

મુંબઈ તા.૨૨

રાજ્યની ચૂંટણીમાં છ પક્ષો મેદાનમાં હોવાથી તેને અન્ય હરીફાઈથી અલગ છે, ભાજપ મહારાષ્ટ્રમાં મહાયુતિની જીત માટે ખૂબ જ વિશ્વાસ ધરાવે છે. બીજેપીના મહારાષ્ટ્ર એકમના એક સૂત્રએ મીડિયાને ગઠબંધનના પક્ષના આરામદાયક બહુમતી મેળવશે એવા મૂલ્યાંકન વિશે જણાવ્યું. ‘ભાજપ ત્રણ અંકમાં સીટો સાથે સૌથી મોટી પાર્ટી હશે અને મહાયુતિ સરળતાથી ૧૫૦ સીટનો આંકડો પાર કરી જશે,’. સૌથી મોટું કારણ એ ૭૬ બેઠકો હોવાનું અપેક્ષિત છે જેમાં ભાજપ અને કોંગ્રેસ સીધી લડાઈમાં છે. ભાજપને આવી ૫૦થી વધુ બેઠકો જીતવાનો વિશ્વાસ છે. ભાજપના બહુવિધ સૂત્રોએ જણાવ્યું હતું કે, ‘કોંગ્રેસ ૧૦૨ બેઠકો ઉપર ચૂંટણી લડી રહી છે, અને તેમાંથી ૭૬ ભાજપ વિરૂદ્ધ છે તેથી ભાજપનો સ્ટ્રાઈક રેટ જેટલો ઊંચો છે, તેટલો કોંગ્રેસનો નીચો રહેશે,’ બીજેપી ૧૫૨ સીટો ઉપર ચૂંટણી લડી રહી છે અને બીજેપીના સાથી પક્ષોની ટિકિટ ઉપર બીજેપીના ડઝનથી વધુ નેતાઓ મેદાનમાં છે. બીજેપીને લાગે છે કે મહાયુતિ સારો દેખાવ કરશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ‘તે એકનાથ શિંદેની શિવસેનાનું પ્રદર્શન છે કારણ કે શિંદેએ વિકાસ અને લડકી બહેન યોજના ઉપર આધારિત સારૂ અભિયાન ચલાવ્યું છે’. બીજેપીના મૂલ્યાંકન મુજબ શિંદે શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથને સંખ્યાબંધ બેઠકોમાં પાછળ છોડી દેશે, ઠાકરેની પાર્ટી મેદાનમાં રહેલા છ પક્ષોમાં પાંચમા કે છઠ્ઠા સ્થાને રહેવાની ધારણા હોવાનું ભાજપના સૂત્રો કહે છે. ભાજપને લાગે છે કે કોંગ્રેસ અને ઠાકરે બંનેનો સ્ટ્રાઈક રેટ નબળો હશે, મહા વિકાસ અઘાડીમાં શરદ પવારની પાર્ટી એકમાત્ર સારો દેખાવ કરશે કારણ કે વરિષ્ઠ પવારે તેમની બેઠકો સારી રીતે પસંદ કરી છે અને વધુ સારી રીતે લડ્યા હોવાનું જણાય છે. ભાજપનું મૂલ્યાંકન છે કે કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની પાર્ટી વચ્ચેની બેઠકોની વહેંચણી નબળી પસંદગીઓ ઉપર આધારિત છે, જે પરિણામોમાં પ્રતિબિંબિત થશે કારણ કે ‘કોંગ્રેસ અમુક બેઠકો ઉપર લડી રહી છે જે તે જીતી શકતી નથી. એમવીએ કેમ્પ બેઠકો તેમજ મુદ્દાઓ ઉપર મૂંઝવણમાં છે’,. ત્રીજું, અને મુખ્ય પરિબળ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સૂત્ર ‘એક હૈ તો સલામત હૈ’ દ્વારા સંચાલિત મહાયુતિની તરફેણમાં મજબૂત OBC એકત્રીકરણ થવાની અપેક્ષા છે. મહાયુતિની લોકપ્રિય મહિલા યોજના સાથે જોડાયેલ સૂત્ર મહાયુતિ માટે જોરદાર ફાયદો કરાવવા માટે જાતિના અવરોધોને પાર કરી શકે છે. બીજેપીના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ‘સૂત્ર એટલુ મજબૂત છે કે રાહુલ ગાંધીએ આ જ સમયે એક પ્રેસ કોન્ફરન્સ કરવી પડી હતી.’ MVAએ કહ્યું છે કે સૂત્ર વિભાજનકારી છે જ્યારે તે મહારાષ્ટ્રમાં હિંદુ એકત્રીકરણના તેના હેતુને પૂર્ણ કરી શકે છે. ભાજપની જીત માટેના આકારણીમાં ચોથું કારણ વિદર્ભ પ્રદેશમાં પલટો હોઈ શકે છે જ્યાં ખેડૂતોની તકલીફ અને બંધારણના મુદ્દા ઉપરના અભિયાનને કારણે પાર્ટીએ લોકસભા ચૂંટણીમાં ખરાબ પ્રદર્શન કર્યું હતું. કપાસ અને સોયાબીનના ખેડૂતોને રાહત આપવા માટે ભાજપની તાજેતરની ચાલ, આ વખતે વધુ સારૂ હવામાન અને ઉપજની મોસમ અને h‘બંધારણ’નો મુદ્દો તેના માર્ગે ચાલી રહ્યો છેઆ બધું મહાયુતિની તરફેણમાં કામ કરે તેવી અપેક્ષા હોવાનું ભાજપના સૂત્રો કહે છે. મહાયુતિની તરફેણમાં કામ કરવા માટે અપેક્ષિત પાંચમું પરિબળ એ છે કે ગઠબંધનના બહુ-સમયના સાંસદો સામે લોકોનો ગુસ્સો લોકસભાના પરિણામોથી શમી ગયો છે, અને RSS ભાજપના મતદારોને મતદાન મથકો ઉપર લાવવા માટે જોરશોરથી મેદાનમાં છે. સૂત્રોએ દાવો કર્યો છે કે, કોંગ્રેસની સરખામણીમાં ભાજપનું અભિયાન વધુ વ્યવસ્થિત અને સંકલિત રહ્યું છે, જેણે પોતાનો માર્ગ ચલાવતા ‘ક્રોની કેપિટલિઝમ’ મુદ્દા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા સ્વાવલંબી ભારત અભિયાન સંયુક્ત ઉપક્રમે એક દિવસીય સેમિનાર યોજાયો

## સમૃદ્ધ ભારત-૨૦૪૭ની સંભાવના માટે એક શક્તિશાળી સાધન તરીકે બૌદ્ધિક સંપદા અધિકારો વિષયે થયેલ મંથન યુનિ.નાં છાત્રોને નવિ શક્તિનો સંચાર કરશે : કુલપતિ પ્રો.ડો.ચેતન ત્રિવેદી





જૂનાગઢ તા. ૨૨

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી અને સ્વાવલંબી ભારત અભિયાન સંયુક્ત ઉપક્રમે બૌધ્ધિક સંપદા અધિકારએ સમૃધ્ધ ભારત ૨૦૪૭ માટે એક શક્તિશાળી સાધન પરિપેક્ષ્ય છે એ વિષયે જૂનાગઢ કૃષિ યુનિ.નાં ઈજનેરી કોલેજનાં મધ્યસ્થ કક્ષમાં એક દિવસીય સેમીનાર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ તકે અધ્યક્ષીય ઉદબોધનમાં ડો. ત્રિવેદીએ જણાવ્યું હતું કે યુનિ.નાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશ સેલ અને સ્વાવલંબન ભારત અભિયાન ઉપક્રમે સમૃદ્ધ ભારત-૨૦૪૭ની સંભાવના માટે એક શક્તિશાળી સાધન તરીકે બૌદ્ધિક સંપદા અધિકારો વિષયે થયેલ મંથન યુનિ.નાં છાત્રોને નવી શક્તિનો સંચાર કરશે. સ્વદેશીમાં સ્વાર્થને સ્થાન નથી. પોતે કુટુંબના, કુટુંબ શહેરના, શહેર દેશના અને દેશ જગતના કલ્યાણ અર્થે 'આજે આપણે પોતામાં સ્વદેશીય ઐક્યનો અનુભવ કરી સાર્થકતા પામવાને ઉત્સુક થયા છીએ. જે જગત કલ્યાણ માટે ઉપયોગી અને સાર્થકતા સભર બની રહેશે. ગાંધીજી કહેતા કે 'સ્વદેશીમાં સ્વાર્થ નથી અને છે, તો તે શુદ્ધ સ્વાર્થ છે. શુદ્ધ સ્વાર્થ એટલે પરમાર્થ, શુદ્ધ સ્વદેશી એટલે પરમાર્થની પરાકાષ્ઠા.'શિક્ષણમાં સ્વદેશી એટલે માતૃભાષા માધ્યમ, સંસ્કૃતિમાં સ્વદેશી એટલે સમગ્ર રહેણીકરણીમાં સાચી ભારતીય પરંપરાનો સ્વીકાર, સ્વદેશી એટલે પરાયાનો ત્યાગ. ભગવદગીતામાં કહ્યું છે એમ 'સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ', પ્રકૃતિએ વિશ્વની રચના એવી રીતે કરી છે કે દરેક દેશ ઉત્પાદનનાં અમુક જ સાધનો ધરાવતો હોય છે, જેને ઈશ્વરી બક્ષિસ કે દેણગી (endowment)ના નામથી ઓળખાવી શકાય. વિશ્વમાં એક પણ દેશ એવો નથી કે જેની પાસે તેની બધી જ જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં પૂરી કરવાનાં સાધનો દેશમાં જ ઉપલબ્ધ હોય. પરિણામે દરેક દેશને ઓછાવત્તા પ્રમાણમાં વિદેશમાંથી થતી આયાતો પર આધાર રાખવો પડે છે. આ એક નક્કર હકીકત છે. તેમાંથી જ પ્રાકૃતિક પરાવલંબન પરિણમે છે. મુખ્ય વકતા તરીકે પશ્ચિમ બંગાળ કલકતાથી પધારેલ સ્વાવલંબી ભારત અભિયાનનાં રાષ્ટ્રીય સંગઠક ધનપતરામ અગ્રવાલનું માર્ગદર્શન મળ્યુ હતું. તેઓએ વિદ્યાર્થીઓને સ્વરોજગાર ઉદ્યમિતા માટેની માહિતી આપી અને વિવિધ સરકારી યોજના અને વિવિધ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરીત કરી જણાવ્યું હતુ કે ૩૦ વર્ષનાં રાષ્ટ્રીય ભ્રમણ અને ૧૧ જેટલી કંપનીમાં ડાયરેક્ટર તરીકેનાં કાર્યનુભવથી કહી શકાય કે દુનિયામાં ઔદ્યોગિક ક્રાંતિ અગાઉ પ્રાકૃતિક સંશાધનો દ્વારા ક્રાંતિ પ્રવૃત્તિ હતી ઔદ્યોગિક ક્રાંતિથી પુંજીવાદ, આર્થિક વિષમતા, સામ્યવાદનો આવિષ્કાર થયો છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી જ્ઞાન અને વિજ્ઞાનની ક્રાંતિ આવી છે. જેમાં માનવ સંશાધનને મહત્વ મળ્યું છે, ભારત દેશના ૩૭ કરોડ યુવા શક્તિ ધરાવતો દેશ છે, આવનાર દિવસમાં યુવાઓ પોતાની પેટન્ટ રજિસ્ટર્ડ કરાવી ઉન્નત ભારતનાં સ્વપ્નને સાકાર કરવા સક્ષમ બનશે, સ્વાવલંબન એટલે વિદેશી મદદ પર આધાર ઘટાડી તેમાંથી ઉદભવતી સમસ્યાઓમાંથી દેશને મુક્ત કરવાની પ્રક્રિયા. અલબત્ત, તેનો અર્થ એ નથી કે ગમે તે થાય પણ વિદેશો સાથે આર્થિક કે અન્ય પ્રકારનો કોઈ વ્યવહાર ન જ કરવો. સ્વાવલંબનનો આવો અતિરેકી અમલ કોઈ પણ દેશ માટે અશક્ય જ હોય છે.


આ પ્રસંગ સ્વાવલંબી ભારત અભિયાનનાં પ્રદેશ સંગઠક મનોહરલાલ અગ્રવાલ, જૂનાગઢનાં પ્રબુદ્ધ અગ્રણીઓ, વિવિધ કોલેજના આચાર્ય, વિદ્યાર્થીઓ, યુની.નાં વિભાગીય વડા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડો. પરાગ દેવાણીએ અને આભાર દર્શન ડો.રમેશ સાગઠીયા એ કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે ઘોડાસરા મહિલા કોલેજના આચાર્ય અને સ્વદેશી જાગરણ મંચના જિલ્લા સંગઠક ડો.દિનેશ દઢાણીયાએ અતિથિઓનું શાબ્દિક સ્વાગત કરી સેમિનારનો હેતુ સ્પષ્ટ કર્યો હતો. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ સેલના સંયોજક ડો. મૃણાલ અંબાસણાએ અતિથિઓનો પરિચય કરાવ્યો હતો.આ પ્રસંગે અતિથિઓને સાલ અને સ્મૃતિ ભેટ દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતાં, સમૃદ્ધ ભારત ની પરી કલ્પનાને સાકર કરવાં યુવા છાત્રો એ પ્રશ્નોતરી કરી જાણકારી મેળવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે અભયભાઈ સોલંકી અરવિંદભાઈ સહીત સ્વદેશી ભારત અભિયાનનાં કાર્યકરો એ જહેમત ઊઠાવી હતી.

# જૂનાગઢ શહેરના વિવિધ વોર્ડ ખાતે ૭૦ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના શહેરી નાગરિકો માટે 'આયુષ્યમાન વય વંદના કાર્ડ' માટે કેમ્પ યોજાયો

## મહાનગરપાલિકા,જૂનાગઢમાં નોંધાયેલ મિલ્કત ધારકો દ્વારા વર્ષ:૨૦૨૩-૨૪ અથવા વર્ષ:૨૦૨૪-૨૫ના વર્ષનો મિલ્કત વેરો ભરપાઈ કરેલ હોય,તેઓને કચરાની વિના મુલ્યે ૨-નંગ ૧૦ લીટર ડસ્ટબીન (બ્લુ અને લીલી)નું વિતરણ









જૂનાગઢ, તા.૨૨

હાલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત રૂા.૧૦ (દસ) લાખનો વાર્ષિક કૌટુબીક આરોગ્ય વીમો મેળવવાની યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત "આયુષ્યમાન કાર્ડ" યોગ્યતા ધરાવતા નાગરિકોને આપવામાં આવે છે.આ યોજના ઉંમર લાયક નાગરિકોને સરળતાથી આરોગ્ય વીમો પ્રાપ્ત થાય તે માટે માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા.૨૯/૧૦/૨૦૨૪ના રોજ ૭૦ વર્ષ અને તેથી વધુ ઉમર ધરાવતા નાગરિકોને આવકની મર્યાદા ધ્યાનમાં લીધા વગર આયુષ્યમાન કાર્ડ આપવાનો અમલ શરૂ કરવામાં આવેલ છે.જે અંતર્ગત માન.મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ત્વરિત અમલવારી કરવાની સુચના અન્વયે માન.ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયાના માર્ગદર્શન હેઠળ જુનાગઢ શહેરમાં આજ રોજ સવારે વોર્ડ નં.૧ તા.૨૧/૧૧/૨૦૨૪ અવસર પાર્ટી પ્લોટ બેક્ક ઓફ બરોડા સામે દોલતપરા,વોર્ડ નં.૨,તા.૨૧/૧૧/૨૦૨૪ આદીત્યેશ્વર મહાદેવ મંદિર આદિત્યનગર જોષીપુરા જુનાગઢ ખાતે માન.ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા,હાઉસ ટેક્ષ સુપ્રી. વિરલભાઈ જોષી, બાયોલોજીસ્ટ એચ.એફ.રાદડિયા,સ્ટોર કીપર રાજુભાઈ મહેતા, સી.પી.સી. મયુરભાઈ નિમાવત, જીજ્ઞાસાબેન કાતરીયા, આગેવાન ઓમભાઈ રાવલ વગેરેની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં ૭૦ વર્ષ અને તેથી વધુ ઉમર ધરાવતા નાગરિકોને આવકની મર્યાદા ધ્યાનમાં લીધા વગર આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. તેમજ શહેરીજનોનું આયુષ્યમાન કાર્ડ રીન્યુ કરવાનું હોઈ તે ૪૮ કલાક પહેલાના આવકના દાખલા વડે રીન્યુ કરી આપવામાં આવ્યા હતા.આ તકે બીપી અને ડાયાબીટીસની મફત તપાસ કરી આપવા માટે કેમ્પ પણ રાખવામાં આવેલ.

મહાનગરપાલિકા, જૂનાગઢમાં નોંધાયેલ મિલ્કત ધારકો કે જેને વર્ષઃ૨૦૨૩-૨૪ અથવા વર્ષ:૨૦૨૪-૨૫ના વર્ષનો મિલ્કત વેરો ભરપાઈ કરેલ છે.તે તમામ મિલ્કત ધારકોને મહાનગરપાલિકા, જુનાગઢ તરફથી મિલ્કત વેરો ભર્યાની ઓરીજનલ પહોંચ અથવા ઓનલાઈન માધ્યમથી મિલકત વેરો ભરેલ હોય તેવા કિસ્સામાં ઓનલાઈન મિલકત વેરો ભર્યાની પહોંચ અને આધાર કાર્ડની ઝેરોક્ષ રજુ કર્યેથી જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સુકો કચરો અને ભીના કચરાની વિના મુલ્યે ૨-નંગ ૧૦ લીટર ડસ્ટબીન (બ્લુ અને લીલી)નું ઉપરોક્ત સ્થળ ઉપર જ વિતરણ કરવામાં આવ્યું હતું. વીજળી બીલની મદદથી પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજનાનો લાભ આપવામાં આવ્યો તેમજ સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ જુનાગઢ મહાનગર પાલિકા દ્વારા શહેરમાં આધાર કાર્ડ E-KYC ની કામગીરી હાલ ઝુંબેશ રૂપ ચાલી રહેલ છે.જે કામગીરીના ભાગ રૂપે ઉપરોક્ત કેમ્પમાં આધાર કાર્ડ E-KYCની કામગીરી પણ સાથે સાથ કરવામાં આવી હતી.આ તકે ૬૬૩ શહેરીજનો દ્વારા લાભ લેવામાં આવ્યો હતો.તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો દ્વારા ડેન્ગ્યું મેલેરિયા અંગેના સ્ટોલ પરથી માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું. ઉપરોક્ત તમામ સેવાઓ મહાનગર પાલિકા,જુનાગઢ દ્વારા વિનામૂલ્યે આપવામાં આવી હતી. તેમજ આગામી દિવસોમાં તા.૨૨/૧૧/૨૦૨૪ આત્મિય સંસ્કાર કેન્દ્ર-જીનીયસ સ્કૂલની સામે ખલીપુર મેઈન રોડ જોશીપુરા વોર્ડ નં.૭ તા.૨૫/૧૧/૨૦૨૪ શિવમ પાર્ટી પ્લોટ ઝાંઝરડા રોડ વોર્ડ નં.૯ તા.૨૨/૧૧/૨૦૨૪ ટેલીફોન એક્સચેન્જ ગેંડા રોડ ઉપર આંબેડકર ભવન અને વોર્ડ નં.૧૧ તા.૨૫/૧૧/૨૦૨૪ નર્મદેશ્વર મહાદેવ મંદિર લોઢિયા વાડી પાસે,વોર્ડ નં.૫ તા.૨૬/૧૧/૨૦૨૪ યમુના વાડી, ઝાંઝરડા રોડ, જુનાગઢ વોર્ડ નં.૧૨ તા.૨૬/૧૧/૨૦૨૪ અર્બન હેલ્થ સેન્ટર ટીંબાવાડી,જુનાગઢ ખાતે આયોજન કરવામાં આવેલ છે,સૌ લાભાર્થીઓએ બહોળી સંખ્યામાં લાભ લેવા માટે મહાનગર પાલિકા.જુનાગઢ દ્વારા અપીલ કરવામાં આવે છે.

# કોડીનારમાં બનેલ હુમલાની ઘટનામાં પોલીસે ૬ આરોપીઓને પકડી જેલ હવાલે કર્યા

(મુગલ અલ્તાફ દ્વારા)


કોડીનાર તા.૨૨

કોડીનારના છારા જાપા વિસ્તારમાં આવેલ જગદીશ ફાસ્ટ ફૂડ નામની દુકાનમાં ગઈકાલે ભર બપોરે હુમલો કરવાની ઘટનામાં ઈજા પામનાર ધ્રુવ દિનેશભાઈ સવનીયાએ આઠ શખ્સો સામે પોલીસમાં ધોરણસર ફરિયાદ નોંધાવી છે.

ગઈકાલે કોડીનારમાં ફાસ્ટ ફૂડના ધંધાર્થીની દુકાને જઈ તલવાર ધારિયા જેવા ઘાતક હત્યારો સાથે આંતક મચાવ્યા બાદ આરોપીઓએ જગદીશ ફાસ્ટ ફૂડ વાળા ભાવિકભાઈના ઘરે જીવલેણ હુમલો કરવાની તૈયારી સાથે ગયેલા જ્યાં ભાવિકભાઈના કૌટુંબિક ભાઈ ધ્રુવ સવનીયા તેમના પરિવારજનોને ગાડીમાં બેસાડીને બહાર જવાની તૈયારી કરતા હતા તે વખતે છરી જેવા જીવલેણ હથિયાર સાથે આરોપીઓએ તેમના ઉપર પણ હુમલો કર્યો હતો ફરિયાદમાં ધ્રુવ દિનેશભાઈએ જણાવ્યું છે કે તેમના કૌટુંબિક ભાઈ ભાવિકએ આરોપી વિશાલ વાઢેરની પત્ની સાથે સોશિયલ મીડિયામાં વાતચીત કરેલ જે બાબતનું મન દુઃખ રાખીને જગદીશ ફાસ્ટ ફૂડમાં જઈને તલવાર અને ધારિયા સાથે જઈને રાજ સવનીયા સાથે પ્રથમ માથાકૂટ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ ફરિયાદી રાજ સવનીયા ઘર પાસે ઊભા હતા ત્યારે આ કામના આરોપી કુલદીપ કરસન વાઢેર, વિશાલ વાઢેર, શૈલેષ વાઢેર, ભવદીપ દિનેશ અપરનાથી, સુનિલ ખીમા વાઢેર, અજય દિનેશ સોસા, બિપીન જયંતિ વાઢેર તથા જય ગોવિંદ વાજાએ ફરિયાદી ધ્રુવ દિનેશભાઈને ગંભીર ઈજા પહોંચાડતા તેમને રા.ના. વાળા હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. ધોળે દિવસે બનેલી આંતકીય ઘટનાથી બજારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. આ બનાવ અંગે પોલીસે ગણત્રીની કલાકો માં છ જેટલા આરોપીની ધરપકડ કરીને ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

# ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એમ. ફાઉન્ડેશને બે ઓપનીંગ પ્રદર્શન સાથે અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિનો પ્રારંભ કર્યો

## સૌમ્ય જોષીના નાટક અને ખુશી લંગાલિયાના નૃત્ય પ્રદર્શને દર્શકોને મંત્રમુગ્ધ કર્યા : ૪૬ વિઝ્યુઅલ આર્ટ સ્ટોરીઝ તેના અધિકૃત અને મુળ સ્વરૂપમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૨૨

ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની છઠ્ઠી આવૃત્તિનો બે અલગ અલગ સ્થળોએ તમામ વય અને વર્ગના કલારસિકોની ઉપસ્થિતીમાં પ્રારંભ થયો. પ્રથમ દિવસે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસના એમ્ફી થિયેટર ખાતે સુપ્રસિદ્ધ નાટ્યકાર અને દિગ્દર્શક સૌમ્ય જોશી દ્વારા ઉદ્ઘાટન નાટ્ય પ્રદર્શન 'ઓહ! વુમનિયા' રજુ કરવામાં આવ્યું. જ્યારે આ વર્ષે અભિવ્યક્તિનું બીજુ ઘર બનેલ અટીરા કેમ્પસ ખાતે ખુશી લંગાલિયાએ કલાસિકલ કન્ટેમ્પરરી ડાન્સ સંગીતકારિણી તાના રીરીની થીમ સાથે પોતાનું ઉદ્ઘાટન નૃત્ય પ્રદર્શન રજુ કર્યું હતું. પોતાના નાટકો "વેલકમ ઝિંદગી" અને "૧૦૨ નોટ આઉટ" થી પ્રસિદ્ધ સૌમ્ય જોશીએ પોતાની દિગ્દર્શિત સસ્પેંસ ભરી વાર્તા તેમજ હાસ્ય, વ્યંગ અને સંગીતના નવીન સ્વરૂપના કલાત્મક મિશ્રણથી 'ઓહ! વુમનિયા'નું પ્રીમિયર કર્યુ, આ નાટકને એક એવી વાર્તામાં વણવામાં આવ્યું છે જે વ્યવહારિક જીવનમાં એક મહિલાને પુછવામાં આવતા સંસારિક પ્રશ્નોથી ઉભી થયેલ પરિસ્થિતી પર કેન્દ્રિત છે.

દર્શકો માટે એક માર્મિક મેસેજ સાથેના આ શાનદાર નાટકમાં જીજ્ઞા વ્યાસે પોતાના પ્રભાવશાળી અભિનયથી, જીજ્ઞા વ્યાસે આ પ્રશ્નોના જવાબો દ્વારા સર્જાયેલી પરિસ્થિતિઓને જીવંત કરી અને પ્રેક્ષકોને સ્પર્શી જાય તેવા સંદેશ સાથે ફરી એકવાર અદભૂત નાટક પ્રદર્શન આપ્યું. ભારતનાટ્યમમાં એક અભિનેત્રી, કોરિયોગ્રાફર અને કલાકાર તરીકે મજબુત પુષ્ઠભૂમિ ધરાવતી પ્રોફેશ્નલ કલાકાર ખુશી લંગાલિયા એ 'સંગીતકારિણી તાના રીરી' રજુ કર્યું. આ રજુઆત પોતાના ભાવપૂર્ણ અવાજ અને ગુજરાતી સંગીત લોકસાહિત્ય સાથેના આત્મિય સબંધ ધરાવતી ઉત્તર ગુજરાતના વડનગર શહેરમાં ૧૬ મી સદીમાં થઈ ગયેલ શાસ્ત્રીય સંગીતની વિખ્યાત ગાયિકાઓ બે બહેનોઃ તાના અને રીરીને શ્રદ્ધાંજલિ હતી. લોકવાયકા મુજબ તાનસેન (સમ્રાટ અકબરના દરબારના નવ રત્નોમાંથી એક)ને દિપક રાગની સંગીત સાધનાના કારણે શરીરમાં દાહ થાય છે. જેને સમાવવા માટે નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈની દીકરી શર્મિષ્ઠાની આ બે પુત્રીઓ તાના-રીરીએ રાગ મેઘ-મલ્હાર ગાયો હતો. ખુશી લંગાલિયાએ પોતાની રજુઆતમાં મનોરંજનની સાથે ભારતીય સંસ્કૃતિ અને પરંપરા પ્રત્યે આ બે બહેનોની પ્રતિબદ્ધતા અને વડનગર માટે તેમના બલિદાન તેમજ બાદશાહ અકબરની દખલગીરી છતાં પોતાના સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવાને સંકલ્પને બખુબી રજુ કર્યો હતો.

આ સાથે જ બંને સ્થળોએ, વિચારપ્રેરક વિઝ્યુઅલ આર્ટ સ્ટોરીઝના પ્રદર્શને મુલાકાતીઓનું ધ્યાન આકર્ષિત કર્યુ હતું. અમદાવાદના સિદ્ધાર્થ રાઠોડે પોતાનું સ્થાપન 'સિગ્નેચર ઓફ ધ બર્ડ' રજૂ કર્યું. આ અનોખી કૃતિ ફોટોગ્રાફી પ્રત્યે તેમના પ્રયોગાત્મક દ્રષ્ટિકોણને દર્શાવે છે. હજારો પક્ષીઓની તસ્વિરો અને વિડીયો કેપ્ચર કર્યા બાદ સિદ્ધાર્થે આ તસ્વિરોને એક નવા રૂપમાં રજુ કરી છે. પ્રત્યેક ફ્રેમ રચનાત્મક રીતે બનાવવામાં આવી છે. જેમાં એક ગ્રુપમાં ઉડતા પક્ષીઓ, ખાસ કરીને ચામાચીડિયા અને સ્ટારલિંગના સારને કેપ્ચર કરે છે. સિદ્ધાર્થનું માનવું છે કે પક્ષીઓની ઉડવાની પેટર્ન તેમના હસ્તાક્ષરોને મળતાં વિશિષ્ટ આકાર બનાવે છે. આ એક સાથે ક્લિક કરાયેલા ૨૫-૬૦ ફોટાથી બનેલ આ કલાકૃતિ પક્ષીઓની ફોટોગ્રાફી પર એક નવો દ્રષ્ટિકોણ રજુ કરે છે. સિદ્ધાર્થ રાઠોડ ૧૭ વર્ષનો અનુભવ ધરાવતા એક લાગણીશીલ ફોટોગ્રાફર છે, જે શેરી, મુસાફરી અને ભારતીય સંસ્કૃતિને ફોટોમાં કંડારવામાં નિષ્ણાંત છે. વડોદરાના શિલ્પેક્ષ ખાલોરકરે તેમનું સ્થાપન "અનટેમ્ડ એક્સ્પાન્સન"રજૂ કર્યું છે, જે દર્શકોને તેમની મનની સ્થિતિ દ્વારા પ્રવાસ પર લઈ જાય છે. તેમની કલા વ્યક્તિગત આઘાત અને વિશ્વ પર તેની અસરોની શોધ કરે છે. ચિંતાજનક અને ભયજનક ઘટનાઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવાની સાથે તેમનો ઉદેશ્ય ક્ષય અને ડિઝાઈનના આંતરપ્રક્રિયા દ્વારા એક અનન્ય પરિપ્રેક્ષ્ય બનાવવાનો છે. શિલ્પેક્ષનું માનવું છે કે તેની કલા લાગણીઓ અને વિચારોને ઉત્તેજીત કરી શકે છે, સાથે જ માનવ અનુભવની ઊંડી સમજ આપે છે. તેમની કલા તેમના અશાંત અનુભવોને પ્રતિબિંબિત કરે છે, આઘાત અને વ્યક્તિઓ અને આસપાસના વાતાવરણ પર તેની અસરોની શોધ કરે છે. શિલ્પેક્ષનો ઉદ્દેશ્ય સડો અને ડિઝાઈનના આંતરપ્રક્રિયા દ્વારા ચિંતા અને ભય પર એક અનન્ય પરિપ્રેક્ષ્ય બનાવવાનો છે.

# રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરનો સુપ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથમાં પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ










## ગુજરાતે વૈશ્વિક વિકાસની જે હરણફાળ ભરી છે તેને વધુ ઉન્નત ઊંચાઈએ પહોંચાડવાનું સામૂહિક અને સર્વગ્રાહી ચિંતન કરવાનો અવસર ચિંતન શિબિર પૂરો પાડે છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ : ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ, વરિષ્ઠ સચિવો, કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ સહભાગી

(પ્રતિનિધિ દ્વારા)

સોમનાથ તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરનો પવિત્ર યાત્રાધામ સોમનાથમાં પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતે વિકાસની જે હરણફાળ ભરી છે તેને હજુ વધુ ઉન્નત ઊંચાઈએ પહોંચાડવાનું સામૂહિક અને સર્વગ્રાહી ચિંતન કરવાનો અવસર આ ચિંતન શિબિર પૂરો પાડે છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, જનકલ્યાણ અને લોકસેવા એ સરકારનો ધ્યેયમંત્ર છે અને નાના કર્મચારીથી માંડીને મંત્રી સુધી સૌ તે દિશામાં અહર્નિશ કાર્યરત છે. આવા કાર્યોને વધુ ઉત્તમ અને સફળ કઈ રીતે બનાવી શકાય તે માટેનું સામૂહિક મનોમંથન આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં થશે. તેમણે કહ્યું કે, લોકશાહી પ્રણાલીમાં પ્રજાના પ્રતિનિધિઓ, અધિકારીઓ, કર્મયોગીઓ સૌ સાથે મળીને પરિવાર ભાવથી એક બનીને કાર્ય કરે તો કેવા ઉત્તમ પરિણામો મળી શકે તે વાવાઝોડા જેવી કુદરતી આફતના સમયે સામૂહિક તાકાતથી આપણે પુરવાર કર્યુ છે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, જો આફતના કપરા સમયે સૌ એક જૂટ થઈને કામ કરી શકે તો રોજ બરોજના કામકાજમાં પણ ટીમ સ્પિરીટથી પ્રજાના ભલા માટે, લોકોના હિત માટે સાથે મળીને કામકાજ થાય તે જ ચિંતન શિબિરનું સાચું હાર્દ છે. તેમણે વ્યક્તિગત જીવનમાં પણ ચિંતનના લાભાલાભ સમજાવતા કહ્યું કે, સૌએ ચિંતનની આદત કેળવવી જ જોઈએ અને દિવસભરના કામોનું આત્મમંથન, ચિંતન પણ દિવસના અંતે થવું જોઈએ. આના પરિણામે આપણા વાણી, વર્તન, વ્યવહાર અને કામકાજની પદ્ધતિમાં જે બદલાવ આવશે તે 'સ્વ'ના અને સમાજના હિત માટે ઉપયોગી થશે તેવો મત મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંત્રીઓ, અધિકારીઓને પ્રેરણા આપતા કહ્યું કે, ત્રિદિવસીય ચિંતન શિબિરમાં સૌ એક થઈને, સાથે રહીને એવું ચિંતન કરીએ કે પ્રજાજનોને લોકોને કોઈ તકલીફ ન પડે, દુવિધા ન રહે તેવી પ્રશાસનિક સુશાસન વ્યવસ્થા સુનિશ્ચિત થાય.

તેમણે અધિકારીઓને પોતાના વિભાગના કાર્યોમાં પોતિકા પણાનો ભાવ દાખવી સંપૂર્ણ નિષ્ઠા સાથે પ્રજાહિત માટે કર્તવ્યરત રહેવાની શીખ આપતા ઉમેર્યું કે, આપણી પાસે કોઈ કામ માટે આવતી વ્યક્તિ કે સામાન્ય માનવીને સંતોષ થાય, જો તેનું કામ ન થઈ શકે તેવું હોય તો પણ વિનમ્રતા-વિવેકથી ના કહી શકીએ તેવી કાર્યપદ્ધતિ આપણે ઊભી કરી છે તેને જાળવી રાખવાનું મંથન ચિંતન આ શિબિરના માધ્યમથી થવાનું છે.

મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલી ચિંતન શિબિરની આ પરંપરામાં ઉતરોત્તર નવા સોપાનો સર કરવામાં મંત્રીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ સૌના મળી રહેલા સહયોગની પણ સરાહના કરી હતી. ચિંતન શિબિર ૨૦૨૪ના સહભાગીઓને સંબોધતા રાજ્યના મુખ્ય સચિવ રાજકુમારે જણાવ્યું હતું કે, આ ચિંતન શિબિર અમૃતકાળમાં યોજાઇ રહી છે. ચિંતન એ સતત ચાલતી પ્રક્રિયા છે. કામ સાથે હેતુને જોડવાથી કામ વધુ આનંદદાયક અને પરિણામલક્ષી બની રહે છે. મુખ્ય સચિવએ ચિંતન શિબિરમાં સામેલ અધિકારીઓ પાસે અપેક્ષા વ્યક્ત કરતા કહ્યું હતું કે, કર્મયોગ એ જ વિકાસનો પર્યાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત-૨૦૪૭ના આહ્વાનને સાકાર કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વિકસિત ગુજરાતના ધ્યેયને સિદ્ધ કરવા ચિંતન શિબિરના નિષ્કર્ષને સમાજની અંતિમ હરોળ સુધી લઈ જવો આવશ્યક છે. ચિંતન શિબિરની ૧૧મી કડીમાં "લર્નિંગ એક્સપિરિયન્સીસ"નો નવો આયામ ઉમેરાયો છે. સ્થાનિક કક્ષાએ સહભાગિતા વધારીને 'વર્કર નહીં, પણ લીડર'ના અભિગમથી સંકલ્પ સિદ્ધિ થઈ શકે છે. વહિવટી સુધારણા પ્રભાગના અગ્રસચિવ હારિત શુક્લાએ ત્રિદિવસીય ચિંતન શિબિરની રૂપરેખા આપીને સૌને ચિંતન શિબિરમાં આવકારી જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩માં શરૂ કરાવેલ ચિંતન શિબિર લક્ષ્યકેન્દ્રીત વિચારણાની દિશામાં લઈ જાય છે. અગાઉની ચિંતન શિબિરોના મનોમંથનથી આજે વહીવટી તંત્ર દ્વારા રાજ્યમાં અનેક યોજનાઓની સફળ અમલવારી શક્ય બની છે. આ ૧૧મી ચિંતન શિબિરના પ્રારંભે નાણામંત્રી કનુભાઈ દેસાઈ સહિત રાજ્ય સરકારના મંત્રીઓ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સલાહકાર ડો. હસમુખ અઢિયા, અધિક મુખ્ય સચિવઓ, વિવિધ ખાતાના વડાઓ, જિલ્લા કલેકટરઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ તથા ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

**ચિંતન શિબિરમાં 'કર્મયોગના છ સિદ્ધાંતો' વિશે વિચારશીલ પ્રવચન રજૂ કરતાં મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર હસમુખ અઢિયા**

સોમનાથ ખાતે આયોજિત ૧૧મી ચિંતન શિબિરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મુખ્ય સલાહકાર હસમુખ અઢિયાએ 'કર્મયોગના છ સિદ્ધાંતો' વિશે મનનીય પ્રવચન આપતા જણાવ્યું હતુંકે, યોગ એ કોઈ ધર્મ નહીં, પરંતુ શરીર અને મનને સ્વસ્થ અને દિવ્ય કરનારૂ વિજ્ઞાન છે. કર્મને જો યોગમાં પરિવર્તિત કરવામાં આવે તો કોઈપણ કાર્યને શ્રેષ્ઠતમ રીતે પૂર્ણ કરી શકાય છે. સાથે-સાથે મોક્ષ તરફ પ્રયાણ કરવામાં પણ યોગ સાધના ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. ભારતીય સંસ્કૃતિમાં આદિકાળથી કર્મયોગનું મહત્વ રહ્યું છે. શ્રીમદ્ ભગવત ગીતાના શ્લોકોમાં પણ કર્મયોગનો ઉલ્લેખ છે. કર્મને યોગની રીતે કરવામાં આવે તો તે પૂણ્ય કર્મ બને છે, તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. ચિંતા મુક્ત થઈ કર્મ કરવા અને કર્મમાં કૌશલ્ય કેળવવા કર્મયોગના છ સિદ્ધાંતોનું અનુસરણ ખૂબ ઉપયુક્ત છે તેમ જણાવતા અઢિયાએ ઉપસ્થિત સૌ મહાનુભાવોને કર્મયોગના છ સિદ્ધાંતો વિશે સદ્રષ્ટાંત વિવરણ આપતા જણાવ્યું હતું કે, સ્વધર્મ અનુષ્ઠાન એટલે કે, જીવનમાં પોતાની ભૂમિકા શ્રેષ્ઠતમ રીતે નિભાવવી, વ્યક્તિગત લાભ અંગેની આસક્તિ ત્યાગવી, 'કર્મ અને કર્મના ફળો'ની થીયરીમાં વિશ્વાસ રાખવો, જે પણ પરિણામ મળે એનો પ્રસાદ બુદ્ધિથી સ્વીકાર કરવો, કર્તવ્ય નિર્વાહમાં અહંકાર ન રાખવો અને જીવનમાં જે પણ ફળ મળે તેની અન્ય સાથે વહેંચણી કરવી. તેનો સમાવેશ થાય છે. 'કર્મયોગના છ સિદ્ધાંતો' વિશેના આ સત્રમાં રાજ્ય સરકારના મંત્રીઓ, સચિવઓ, વિવિધ ખાતાના વડાઓ, જિલ્લાના કલેકટરઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# દ્વારકા યાત્રાધામની આગવી ઓળખ બનેલ સુદામા સેતુ પ્રવાસીઓ માટે બંધ રહેવાથી લાખોની નુકસાની



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૨

યાત્રાધામ દ્વારકાની પવિત્ર ગોમતી નદી ઉપર બનાવાયેલ ફુટ બ્રીજ - સુદામા સેતુ વર્ષ ૨૦૧૧ માં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને લોક ભાગીદારીથી બનવા શરૂ કરાયા બાદ ૨૦૧૬માં લોકાર્પણની સાથે જ ગોમતી ઘાટ અને સામે આવેલ પંચનદ તીર્થ તથા બીચ ઉપર જવા માટેના પ્રમુખ સ્ત્રોત સાથે સાથે દ્વારકાની આગવી ઓળખ પણ બની ગયેલ. દ્વારકા આવતા દરેક યાત્રીક સુદામા સેતુની અચૂક મુલાકાત લેતા થયેલ અને ગોમતી નદી, જગતમંદિર, સનસેટ અને બીચ લોકેશનના સંગમ સમા જગતમંદિરની નજીક બનેલ સુદામા સેતુ જગતમંદિર બાદ પર્યટકોની પ્રથમ પસંદ બની રહેલ પરંતુ આશરે સવા બે વર્ષ પહેલા મોરબી દુર્ઘટના બાદ સમારકામના નામે બંધ થયેલ સુદામા સેતુની મરમ્મતની કામગીરી હજુ સુધી ન થતાં તંત્ર દ્વારા સલામતીના કારણોસર યાત્રીકો માટે ખૂલ્લો મૂકવામાં આવેલ નથી.

**નાતાલના વેકેશન પહેલા સુદામા સેતુ ખૂલશે ?**

યાત્રાધામ દ્વારકામાં તાજેતરમાં દિપાવલી પર્વથી દેવ દિવાળી સુધીના પખવાડિયાના વેકેશનના સમયગાળામાં લાખો યાત્રીકોએ જગતમંદિરની મૂલાકાત લઈ દ્વારકાધીશના દર્શન કર્યા હોય સ્વાભાવિક રીતે જો સુદામા સેતુ યાત્રીકો માટે ખૂલ્લો રાખી શકાયો હોત તો લાખો યાત્રીકોએ આ બેનમૂન ફુટબ્રીજની મુલાકાત લીધી જ હોત. યાત્રીક દીઠ રૂપિયા ૧૦ ના ચાર્જ સાથે પ્રવેશ અપાતા આ બ્રીજ બંધ રહેવાથી સુદામા સેતુ સોસાયટીને લાખો રૂપિયાની નુકસાની ગયાનો અંદાજ છે. હવે આગામી ડિસેમ્બર માસમાં પણ યાત્રાળુઓની ભરચકક સીઝન શરૂ થઈ રહી હોય લાખો પ્રવાસીઓ નાતાલના વેકેશન તેમજ સમગ્ર ડિસેમ્બર માસમાં યાત્રાધામની મુલાકાતે આવનાર હોય છેલ્લાં સમયમાં અગ્રણીઓએ પણ એક થી વધુ વખત સુદામા સેતુ ખૂલે તેવી માંગ ઉઠાવી હોય ત્યારે વહીવટી તંત્ર સુદામા સેતુને પુનઃ શરૂ કરી શકાય તે દિશામાં કાર્યવાહી કયારે કરે છે તે જોવાનું રહેશે.

# યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે વિનામૂલ્યે મેગા નેત્ર નિદાન કેમ્પ, દંત યજ્ઞ, હાડવૈદ, જનરલ ચેકઅપ કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૨

પ્રાચી તીર્થ ખાતે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિ દ્વારા વિનામૂલ્યે સદગુરૂ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ, દંત યજ્ઞ, હાડ વૈદ, જનરલ ચેકઅપ કેમ્પ શ્રી કોળી સમાજ ભવન પ્રાચી ખાતે યોજાયો હતો. જેમાં આ કેમ્પના દાતા જયસુખભાઈ રાઠોડ પીખોર કોળી સમાજના મહેતાજી તથા શ્રી રણછોડદાસ બાપુ આંખની હોસ્પિટલ રાજકોટના ડો. ધર્મેન્દ્ર તથા ડો. ભગીરથસિંહ રાઠોડ માધવ ક્લિનિક ઘંટીયા ફાટક તથા ડોકટર સાવલિયા, રોહિતભાઈ પટેલ પ્રાચી તથા મહંત શ્રી કરસનદાસ બાપુ ઉપવાસી પાધેશ્વરી આશ્રમ મટાણા તથા દાંતના ડોકટર જયસુખભાઈ મકવાણા તથા મોનિકાબેન ભટ્ટ અને તેમની ટીમ તથા બીપીનભાઈ જાની ચ્યવન ઋષિ આશ્રમ સુત્રાપાડા ગૌરવભાઈ મહેતા સહિતના અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પરિવારજનોના કર કમલો દ્વારા દિપ પ્રાગટ્ય કરી તથા ગાયત્રી પરિવારના કાર્યકર્તા પત્રકાર જાદવભાઈ ચુડાસમાએ કેમ્પને ઉદ્બબોધન કરીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ તકે સૌના માટે વિશ્વના કલ્યાણ તથા સૌનો સદબુદ્ધિ તથા ઉજજવળ ભવિષ્ય માટે ગાયત્રી મહામંત્ર, પાંચ મહામૃત્યુંજય મંત્રનો સામુહિક જાપ કરેલ ગાયત્રી પરિવારના સંસ્થાપક વેદમુર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજીના જીવનનો સંદેશ પાઠવેલ લોકોને હૃદય ગંમ કરવા આહવાન કરેલ હતું તેમજ ગાયત્રી પરિવારના અમારા કાર્યકર્તા વજુભાઈ ગોહિલના ભાઈ જેસીંગભાઈનું દુઃખદ અવસાન તેમજ વડનગરના યુવાન વિવેકભાઈનું દુઃખદ અવસાન થતા પાંચ ગાયત્રી મહામંત્ર અને બે મિનિટનો મૌન પાડી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી તથા આ કેમ્પના દાતા જયસુખભાઈ રાઠોડના પરિવારનું સન્માન પરમ પૂજ્ય ગુરૂદેવના દેવસ્થાપન ફોટો તથા ગુરૂદેવના સાહિત્ય વડે પાધેશ્વરી આશ્રમ મટાણા ઉપવાસી મહંત કરસનદાસ બાપુ દ્વારા મોમેન્ટ આપીને સન્માન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ડો. ધર્મેન્દ્રએ ૧૪૦ દર્દીઓને દર્દીઓને તપાસી જેમાંથી ૩૯ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખાતે લઈ ગયેલ હતા તથા દાંતના કેમ્પમાં ડોકટર જાગૃતિ બેને સંજયભાઈ તથા તેમની ટીમે ૪૦ દર્દીને તપાસી દવા આપી હતી અને પાંચ દાંતની ચોકટ ફ્રી બનાવી આપવામાં આવી હતી. જનરલ ચેકઅપ કેમ્પમાં ડો. ભગીરથસિંહ રાઠોડ માધવ ક્લિનિક ઘંટીયા ફાટકએ ૬૦થી વધુ દર્દીઓને તપાસી વિનામૂલ્યે દવા આપવામાં આવી હતી તથા હાર્ડવૈદ હમીરભાઈ પ્રાચીએ ૨૦ દર્દીને હાથ-પગ સાંધાના દુઃખાવાના મસાજ કરેલ તથા દાતા તરફથી સૌના માટે ચા-પાણી તથા સુંદર ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ કેમ્પને સફળ બનાવવા માટે કાનાભાઈ સોલંકી(બોસન), નાથાભાઈ સોલંકી(થરેલી) તથા રોહિતભાઈ દરબાર અમરાપુર, રાહુલભાઈ રાઠોડ બોસન તથા ભલુભાઈ બોસન તથા જુસાભાઈ વડાળા, વજુભાઈ ગોહિલ, નરસિંહભાઈ વાઢેર, છગિયાવાલાભાઈ કંટાળા, દિવાળીબેન પ્રાચી, સોનીબેન ગોરખમઢી તથા પત્રકાર જાદવભાઈ ચુડાસમા સહિત અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિના સેવાભાવી ભાઈ-બહેનો દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

# દ્વારકા જિલ્લામાં આયુર્વેદ દ્વારા કુપોષણમાં ઘટાડા અંગેનું સંશોધન હાથ ધરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૨

ગુજરાત સરકારના આયુષ વિભાગ તથા ભારતીય જાહેર આરોગ્ય સંસ્થા ગાંધીનગર દ્વારા સંશોધન કામગીરી શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં કુપોષણની સ્થિતિને ઘટાડવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા અનેક પ્રકારની યોજનાઓ મારફતે કામગીરી કરી રહી છે. જેમાં હવે અનેક પ્રકારની સંસથો પણ પોતાનું યોગદાન આપી રહી છે. જો કે કુપોષણને નાથવા માટે આયુર્વેદના ઉપયોગ અંગેની શક્યતાઓ અંગેનો વિચાર પણ સરકાર દ્વારા થઈ રહ્યો છે. જે માટેનું સંશોધન ગુજરાત સરકારના આયુષ વિભાગ તથા ભારતીય જાહેર આરોગ્ય સંસ્થા દ્વારા સંયુક્ત પણે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રકારનું સંશોધન કાર્ય ગુજરાત રાજ્યમાં પ્રથમ વખત કરવામાં આવી રહયું છે. આ સંશોધન અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના કિશોરવયની છોકરીઓમાં એનેમિયાની સ્થિતિ અંગે જિલ્લા આયુષ વિભાગના સહયોગથી ભારતીય જાહેર આરોગ્ય સંસ્થાના તજજ્ઞો દ્વારા અભ્યાસ કરવામાં આવશે. જેમાં એનેમિયાગ્રસ્ત કિશોરવયની છોકરીઓને આયુર્વેદિક તબીબોના માર્ગદર્શનમાં વાલીઓની લેખિત મંજૂરી તથા કિશોરીઓની સહમતીથી આયુર્વેદિક દવાઓ આપવામાં આવશે. આયુર્વેદિક દવાઓ કિશોરવયની છોકરીઓ નિયમિત લે તે માટે તેમના વાલીઓને પણ માહિતી આપવામાં આવનાર છે. આ પહેલા પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ગત વર્ષે ગુજરાત સરકારના આયુષ વિભાગ તથા ભારતીય જાહેર આરોગ્ય સંસ્થા દ્વારા સંયુક્ત પણે દેવભૂમિ દ્વારકાના કેટલાક નિશ્ચિત વિસ્તારના નાના બાળકો તેમજ કિશોરવયની છોકરીઓમાં આયુર્વેદિક દવાઓના ઉપયોગથી કુપોષણમાં ઘટાડો નોંધાયો હતો. આ આયુર્વેદિક દવાઓ કોઈ પણ પ્રકારની આડઅસર વગર કુપોષણમાં ઘટાડો કરતી હોવાનું પણ જોવા મળ્યું હતું. જેથી એક વર્ષ સુધી ચાલનારા આ કાર્યથી જિલ્લાના કિશોરવયની છોકરીઓમાં કુપોષણનું સ્તરમાં ઘટાડો નોંધાશે એવી આશા છે. દેવભૂમિ દ્વારકાના જિલ્લા આયુષ અધિકારી ડો. વિવેક શુકલએ જણાવ્યું હતુંકે આયુર્વેદમાં કોઈ પણ રોગને વ્યાપક રીતે નિયંત્રિત કરવા માટે એક ઊંડાણપૂર્વકનો દ્રષ્ટિકોણ છે. આયુષ વિભાગ અને ભારતીય જાહેર આરોગ્ય સંસ્થા ગાંધીનગરના સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલ આ અભ્યાસ આરોગ્ય લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે પ્રાચીન જ્ઞાન તથા પદ્ધતિ અને આધુનિક વિજ્ઞાનને ઉત્પ્રેરક બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. જ્યારે વિશ્વ આયુર્વેદની દવાઓની વિશાળ ક્ષમતા અને ઉપયોગને સ્વીકારે છે. ત્યારે આ પ્રકારના અભ્યાસો પરંપરાગત ચિકિત્સા પ્રણાલીઓ અને પદ્ધતિઓમાં વૈજ્ઞાનિક પ્રગતિને વધારવા માટે એક રોડમેપ તૈયાર

# શ્રી શારદાપીઠ કોલેજનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૨

શારદાપીઠ કોલેજ દ્વારકાનો વિદ્યાર્થી નાયાણી આલાભા રાયસંગભાઈ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી માંથી સિલેક્ટ થઈ એડવેન્ચર કેમ્પ મનાલી હિમાચલ પ્રદેશ મુકામે તારીખ ૫-૧૧- ૨૦૨૪ થી ૧૪-૧૧-૨૦૨૪ સુધીના કેમ્પને સફળતા પૂર્વક પૂર્ણ કરી આવેલ છે. આ વિદ્યાર્થી કોલેજના એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો. જગદીશ પી. ટાંકોદરા અને હર્ષાબેન વાળા ના માર્ગદર્શન હેઠળ ગયેલ હતો. આ વિદ્યાર્થીને કોલેજના પ્રિન્સિપાલ ડો. સંદીપ એ વાઢેર અને અન્ય સ્ટાફ મિત્રોએ પણ અભિનંદન પાઠવે છે.

# હિન્દુ ધર્મના અનેરી આસ્થાના પ્રતીક સમાન રાજસ્થાનમાં સાવરીયા શેઠના મંદિરનું અનેરૂ મહાત્મય





## દરરોજ હજારો ભક્તો આવે છે સાવરીયા શેઠના સાનિધ્યમાં

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૨


રાજસ્થાનમાં આવેલા પૌરાણિક એવા સાવરીયા શેઠના મંદિરે દરરોજ અલગ અલગ પ્રાંતમાંથી મોટી સંખ્યામાં ભક્તો માથું ટેકવવા આવે છે. ભગવાનના અનેક પરચાઓ જીવંત જણાય છે, ત્યારે આ મંદિર અનેરી આસ્થાનું કેન્દ્ર બની રહ્યું છે. રાજસ્થાનમાં ચિત્તોડગઢ જિલ્લામાં સ્થિત એવા શ્રી સાવરીયા શેઠજી મંદિરમાં આવતા મોટી સંખ્યામાં ભક્તો યથાશકિત તેમજ નીરધાર્યા મુજબ સારી એવી રકમનું અનુદાન પણ કરે છે. ભગવાન પાસે કરેલી પ્રાર્થના તેમજ મહેચ્છા અને આસ્થા પૂર્ણ થયે ભક્તો સાવરીયા શેઠના ચરણમાં શીશ ઝૂકાવવા આવે છે. ફક્ત રાજસ્થાન કે ભારતના જ નહીં, પરંતુ દેશ-વિદેશના હજારો શ્રદ્ધાળુઓની અનેરી આસ્થાનું કેન્દ્ર સાવરીયા શેઠનું આ મંદિર છે. જેમાં આસ્થા ધરાવતા ભક્તો તેમજ ખાસ કરીને વેપારીઓ પણ અહીં ભગવાનને ભાગ અને ભોગ ધરાવવા અચૂક આવે છે. વૈષ્ણવોના તેમજ હિન્દુઓના અનેરી આસ્થાના પ્રતિક એવા નાથદ્વારા (શ્રીનાથજી) આવતા-જતા યાત્રાળુઓ સાવરીયા શેઠ મંદિરની ખાસ મુલાકાત લે છે.


CMYK CMYK CMYK

### ભવનાથ મંદિરના મહંત બનવા માટે હરીગીરીએ રૂપિયાનો વરસાદ વરસાવી દીધો : મહેશગીરીએ હરીગીરી સામે ગંભીર આક્ષેપો સાથે પત્ર જાહેર કરતા ભારે ખળભળાટ

# ભાજપને રૂા.પાંચ કરોડ, બે કલેકટરને રૂા.૫૦-૫૦ લાખ, સંતોને રૂા.૨૫-૨૫ લાખ, કુલ રૂા.૮ કરોડ અપાયા






श्री पंच दसनाम जूना अखाड़ा

खरी नकल

જૂનાગઢ તા.૨૨

મંદિરો અને ધાર્મિક સ્થળો પ્રત્યે લોકોની ભાવિકોની અનન્ય શ્રધ્ધા હોય છે અને લોકો આ પવિત્ર સ્થળોએ આસ્થાપૂર્વક નતમસ્તક થતા હોય છે પરંતુ ધાર્મિક સ્થળોના વહીવટ કરનારા સાધુ-સંતો અને વહીવટદારો કેટલી હદે પ્રપંચ અને વરવા ખેલ કરતા હોય છે તેની પ્રતીતી હાલમાં જૂનાગઢ શહેરમાં અંબાજી મંદિરની ગાદી માટે થઈ રહેલા સાધુ-સંતો વચ્ચેની લડાઈએ સાબીત કરી દીધું છે.

ભવનાથ વિસ્તાર એક પવિત્ર સ્થળ ગણાય છે. હિન્દુ ધર્મની આસ્થાના પ્રતિકસમા અનેક મંદિરો, ધાર્મિક સ્થળો આવેલ છે. દર વર્ષે શિવરાત્રી તેમજ પરિક્રમામાં લાખો લોકો આ મંદિરોની મુલાકાત લે છે પરંતુ આ મંદિરોના વહીવટ માટે રીતસર સાધુ-સંતો અને તેમના મળતીયાઓ દ્વારા અનેક પ્રપંચી ખેલ ખેલવામાં આવે છે. અંબાજી મંદિરના બ્રહ્મલીન મહંત તનસુખગીરી બાપુની વિદાય બાદ અંબાજી મંદિરના મહંતનો વિવાદ ચરમસીમાએ પહોંચી ગયો છે ત્યારે ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરીએ પત્રકાર પરીષદ બોલાવીને પંચદસનામ જુના અખાડાનો પત્ર જાહેર કરી ભવનાથના મહંત હરીગીરી પર ગંભીર આક્ષેપો કરતા સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. મહેશગીરીએ જાહેર કરેલા પત્રમાં અખાડામાંથી હરીગીરીએ રકમ ઉપાડી જે રકમનું વિતરણ કર્યું છે. તેની નામાવલી જાહેર કરી છે. જેમાં (૧) ભાજપના પાર્ટી ફંડમાં રૂા.પાંચ કરોડની રકમ અમીતભાઈ શાહ મારફત, (૨) કલેકટર આલોક કુમાર પાંડે રૂા.૫૦ લાખ (૩) કલેકટર ડો.રાહુલ ગુપ્તા રૂા.૫૦ લાખ (૩) મહામંડલેશ્વર વિશ્વંભર ભારતી બાપુ-ભારતી આશ્રમ રૂા.૫૦ લાખ (૪) મહંતશ્રી ઈન્દ્રભારતી રૂા.૨૫ લાખ (૫) શ્રી સિધ્ધેશ્વર ગીરી મહંત રૂા.૨૫ લાખ (૬) શ્રી મહાદેવગીરી રૂા.૨૫ લાખ (૭) શ્રી મુક્તાનંદગીરી બાપુ કમંડલકુંડ મહંત રૂા.૨૫ લાખ (૮) શિવ ધુના વાળા મહંત રૂા.૧૫ લાખ (૯) સેલ્જાગીરી પુનીતાચાર્ય રૂા.૧૫ લાખ (૧૦) જયશ્રીગીરી ગુરૂમહંત હરીગીરી મહામંડલેશ્વર રૂા.૨૫ લાખ નું વિતરણ કરવામાં આવ્યું હોવાનું પત્ર જાહેર કરતાં સનસનાટી મચી ગઈ છે.

દરમ્યાનમાં ભાવિકો-શ્રધ્ધાળુઓ અને જાહેર જનતામાં થતી ચર્ચા મુજબ જો ઉપરોકત પત્રની વિગતો સાચી હોય તો ખુબ જ શરમજનક બાબત છે. સાધુઓના વિવાદે અનેક રહસ્યો ખુલ્લા પાડયા છે. રાજકારણને પણ શરમાવે તેવા કૃત્યો બહાર આવતાં ધર્મની ગરીમાને લાંછન લાગ્યું છે. ભૂતનાથ મહાદેવ મંદિરના મહેશગીરીએ એવો આક્ષેપ કર્યો છે કે, મહંત હરીગીરી સરકારને અને રાજકીય નેતાઓને દબાવી રહ્યા છે. જો તેઓ તત્કાલ ગીરનાર અને ભવનાથ ક્ષેત્ર નહીં છોડે તો હજુ પણ આગામી સમયમાં તેઓ નવી કરતુતો બહાર પાડશે. હરીગીરીએ અખાડાના પૈસાની વ્યાપક હેરાફેરી કરી છે. સાધુ-સંતો અને તંત્રને ભડકાવે છે. ધર્મને નુકશાન કરે છે.

અખાડાની આબરૂને લાંછન લગાડયું છે ત્યારે લોકોમાં એવો સવાલ પુછાય રહ્યો છે કે, આસ્થાના પ્રતિકો એવા ધાર્મિક સ્થળોના વહીવટ માટે રાજકારણથી પણ ગંદા ખેલ કેમ ખેલવામાં આવ્યા ? અખાડાના મહંત બનવા માટે ભાજપ-સાધુ-સંતોને નાણાની રેલમછેલ કરવામાં આવી છે. તેવા જાહેર થયેલા પત્રથી ચકચાર મચી ગઈ છે.

## પરિક્રમા-શિવરાત્રી વખતે માત્ર અમુક મહંતો-સાધુ-સંતોના જ ફોટા કેમ લાગે છે ? મંદિરો ધિકતી કમાણીનું કેન્દ્ર બની ગયા છે ?

જૂનાગઢ શહેરમાં બે મુખ્ય મેળાઓ પરિક્રમા અને શિવરાત્રી યોજાય છે. જેમાં દર વર્ષે લાખો લોકો ઉમટી પડે છે. આ મેળા વખતે ભવનાથ વિસ્તારમાં અમુક ખાસ મહંતો અને સાધુ-સંતોના જ ફોટા લાગે છે. તેનું શું કારણ છે ? એક પ્રકારનું માર્કેટીંગ થઈ રહ્યું છે. હાલમાં મંદિરો ખાતે લાખોની આવક થાય છે ત્યારે ભક્તોએ આપેલ ચડાવાની રકમ કહેવાતા સાધુ-સંતોની તિજોરીમાં જમા થાય છે તે કહેવાની જરૂર નથી. ધિકતી કમાણીનું કેન્દ્ર બની ગયેલા ધાર્મિક સ્થળો હવે સાધુ-સંતો દ્વારા થતી વર્ચસ્વની લડાઈનું કેન્દ્ર બની ગયા છે. તેની પાછળ મુળ કારણ તો આર્થિક જ છે તેવું મનાય છે.

## વર્ચસ્વની લડાઈ

ભવનાથ વિસ્તારમાં જગ્યાઓનો વિસ્તાર વધારવા તેમજ ગાદી મેળવી અને પોતાના જુથના સંતોની સંખ્યા વધારવા માટેના ભાગરૂપે કેટલાક સાધુ સંતો દ્વારા ચેલા બનાવવાની અને જગ્યા સોંપવાની પ્રવૃતિ પણ થતી હોવાનું બહાર આવેલ છે જેનો મુખ્ય ઉદ્દેશ પોતાનું વર્ચસ્વ વધારવાનો હોય છે.

## ગાદી મેળવવા રચાતા ખેલ અંગે અખીલ ભારતીય સાધુ સમાજના વરિષ્ઠ સંતો ચુપ કેમ ?

જૂનાગઢ નજીક આવેલા ગિરનાર ક્ષેત્રમાં ગિરનાર પર્વત ઉપર બિરાજમાન અંબાજી માતાજી મંદિર અને ત્યારપછી આસ્થાનું કેન્દ્ર એવા ભવનાથ મહાદેવ મંદિરની ગાદી મેળવવા માટેના પ્રપંચ અને દાવપેચ સતત ચાલી રહ્યા છે ત્યારે જેને લઈને શ્રધ્ધાળુ લોકોની આસ્થાને ભારે ઠેસ પહોંચી છે. સંસારીઓને શરમાવે તેવી ગાદી મેળવવાની આ પ્રપંચ લીલાનો પર્દાફાશ થઈ રહ્યો છે ત્યારે સંત સમાજમાં ભારે આક્રોશ અને ચર્ચા ઉઠવા પામી છે. દરમયાન તાજેતરમાં જ અંબાજી માતાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુના દેહવિલય બાદ અંબાજી મંદિરના મહંતપદનો વિવાદ ચરમસીમાએ અને ઉકળતા ચરૂ સમો બની ગયો છે. એક તકે તો પૂ.તનસુખગીરી બાપુની ધુળ-લોટ વિધી સમયે જ નવા મહંત તરીકે પ્રેમગીરીજીની નિમણુંક કરી દેવામાં આવી છે પરંતુ તેની સામે પણ ભારે વિરોધ ઉઠયો છે અને બાપુના જ પરિવાર દ્વારા આત્મવિલોપનની ચીમકી પણ અપાઈ હતી. આ મુદ્દો હવે સરકાર કેવો નિર્ણય લ્યે તેના ઉપર છે. અંબાજી મંદિરના મહંત પદના વિવાદની શાહી પણ સુકાઈ નથી ત્યાં ફરીએકવાર લોકોના આસ્થાના કેન્દ્ર એવા ભવનાથ મહાદેવ મંદિરના મહંત હરીગીરીજી દ્વારા ગાદી મેળવવા માટે જે પ્રપંચ અને નાણાનો વરસાદ કરવામાં આવ્યો તેની પોલ ખોલી નાખતો લેટરબોંબ મહેશગીરી બાપુએ ફોડયા બાદ ભારે હલચલ મચી જવા પામી છે. જૂનાગઢના ખાસ કરીને ગિરનાર ક્ષેત્રમાં મહત્વના સ્થાનો જે ગણાય છે. તેવા અંબાજી માતાજી મંદિર તેમજ ભવનાથ મહાદેવ મંદિરના જાગેલા વિવાદ અંગે અખીલ ભારતીય સાધુ સમાજ અને તેના વરિષ્ઠ સંતો કેમ ચુપ છે ? તેવો સવાલ પણ આમ જનતામાં અને સંતોમાં પણ ચર્ચાય છે. સાધુ-સંતો અને ગાદીપતિઓ તેમજ જુદા-જુદા અખાડા તેમજ જુદી-જુદી જગ્યાઓ અંગેના નિતી નિયમો હોય છે અને તેમાંય પણ અખીલ ભારતીય સાધુ સમાજના રાષ્ટ્રીય સંતોનું સ્થાન ખુબ જ મહત્વનું હોય છે પરંતુ હાલના સંજોગોમાં અંબાજી મંદિર તેમજ ભવનાથ મંદિરની ગાદી બાબતના જે વિવાદાસ્પદ ખેલ અંગે ઘટસ્ફોટ થઈ રહ્યા છે ત્યારે સંતોને શરમાઈ જવું પડે તેવા કૃત્યો અંગે ભાવિક જનતામાં પણ કેટલાક સંતો સામે ભારે આક્રોશ વ્યક્ત થઈ રહ્યો છે અને મોટાભાગના ભાવિકો એવું ઈચ્છી રહ્યા છે કે, અખીલ ભારતીય સાધુ સમાજના વરિષ્ઠ સંતો આ બાબતે આગળ આવે અને જે વિવાદ શરૂ થયો છે તેનો ઉકેલ લાવે તેમજ નિષ્પક્ષ-નિષ્ઠાવાન અને સાધુતાને ગૌરવ અપાવનાર યોગ્ય સંતની નિમણુંક કરવામાં આવે તેવી લાગણી ભાવિકોમાં પ્રવર્તી રહી છે.

# જૂનાગઢ સહિત રાજયની કેટલીક ખાનગી હોસ્પિટલોમાં આયુષ્માન કાર્ડનો બેફામ દુરૂપયોગ !

## જરૂરીયાત ન હોય તેમ છતાં આયુષ્માન કાર્ડ ધારક દર્દીનું ઓપરેશન કરી અને નાણા ઉસેળી લેવાનું મોટાપાયે ષડયંત્ર

જૂનાગઢ તા.૨૨

ભારતનાં લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આર્થિક રીતે નબળા તેમજ જરૂરીયાતમંદ લોકોને નાણાનાં અભાવે આરોગ્યલક્ષી સુવિધા ન મળે અને તેઓનાં જીવનું જોખમ ઉભુ થતું હોય તેવા સંજોગોમાં એક આવકારદાયક યોજના એટલે કે પીએમવાય યોજના (આયુષ્યમાન કાર્ડ) અમલી બનાવી અને દેશનાં કરોડો લોકોને નવજીવન આપવાનું શ્રેય પ્રાપ્ત થયું છે. અને વધુને વધુ આ યોજનાનો લાભ અનેક લોકો આજે મેળવી રહયા છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અંતરનાં આર્શિવાદ આપી રહયા છે. ત્યારે છેલ્લા કેટલાક સમય થયા આયુષ્યમાન કાર્ડ યોજનાનો બેફામ દુરૂપયોગ થતો હોવાની ચોંકાવનારી વિગતો દર્શાવી અને આ યોજનાનો જરૂરીયાતમંદ લોકોને જ લાભ મળી શકે અને ખોટો દુરપયોગ બંધ થાય તે માટેનો એક ખુલ્લો પત્ર જૂનાગઢનાં એડવોકેટ એન્ડ નોટરી ભરતભાઈ રાવલે વડાપ્રધાનશ્રીને પાઠવી અને તાત્કાલીક પગલા ભરવાની માંગ કરી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીને પાઠવેલા પત્રમાં ભરતભાઈ રાવલે જણાવેલ છે કે આરોગ્ય ક્ષેત્રે આપના વડપણ હેઠળ ખુબ જ ક્રાંતિ પગલા લેવાયા છે. અને કોઈપણ માણસ ખાસ કરીને નબળા વર્ગનાં લોકો આરોગ્ય સેવાથી વંચિત ન રહે તે માટે રૂા. પાંચ લાખ તથા દસ લાખ સુધીનાં આયુષ્યમાન કાર્ડ મળે તે યોજના અમલી બનાવેલ છે. અનેક લોકોએ આ યોજનાનો લાભ લઈ અને નવી જીંદગી મેળવી છે. આ યોજના ખુબ જ સારી અને આવકારદાયક છે પરંતુ છેલ્લા કેટલાક સમય થયા જૂનાગઢ સહિત રાજયભરની કેટલીક નામાંકીત હોસ્પીટલો દવાખાનાઓમાં આયુષ્યમાન કાર્ડ ધરાવતા દર્દીઓ સાથે ખુબ જ ખરાબ અને ખોટુ કરવામાં આવી રહયું છે. ખોટુ રેકર્ડ ઉભુ કરી દર્દીને ભય અને ડર બતાવી તેમજ ગેરમાર્ગે દોરી ઘણી વખત ઓપરેશન કરવાની જરૂર ન હોય તેમ છતાં આવા ઓપરેશન તાત્કાલીક કરવા પડે તેમ છે અને ઓપરેશન નહી કરાવો તો મૃત્યુ સુધીનાં ભયંકર પરીણામ આવશે તેવું સમજાવી દર્દીને પુરતી માહીતીથી વાકેફ કર્યા વગર અને સમજાવ્યા વગર સમંતીપત્ર લઈ અને આડેધડ ઓપરેશન કરી નાખતા હોવાની વિગતો પણ દર્શાવી છે. ડોકટર એટલે ભગવાનનું સ્વરૂપ ગણાય છે અને અનેક દર્દીઓને નવું જીવન બક્ષનાર ડોકટરને લોકો આદરભાવની રીતે જુએ છે પરંતુ કેટલાક લેભાગુ હોસ્પિટલના ડોકટરો અત્યારે આયુષ્યમાન કાર્ડના ઓથા હેઠળ આડેધડ દર્દીઓના ઓપરેશનના બહાના હેઠળ ન જોઈતી સર્જરી કરીને આડેધડ ચીરી નાખતા હોય છે અને સરકાર પાસેથી રૂપિયા એકઠા કરી લેતા હોવાની અનેક ફરિયાદો ઉઠી છે. તાજેતરમાં જ ખ્યાતી હોસ્પિટલનું કૌભાંડ બહાર આવ્યું છે તે ખુબ જ ચોંકાવનારુ છે. ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં પણ હોસ્પિટલમાં પૈસાની લાલચે આયુષ્માન કાર્ડના કૌભાંડો થઈ રહ્યા હોવાની પણ ફરિયાદો છે. આયુષ્માન કાર્ડનો લાભ દર્દીને મળે તે કરતા ય તેનો અનેકગણો ફાયદો કેટલીક ખાનગી હોસ્પિટલો અને તેના ડોકટરો મેળવી રહ્યા છે. જેમાં ખાસ કરીને મોટી હોસ્પિટલો દ્વારા કેમ્પો કરી દર્દીઓને આકર્ષવા માટે જમવાથી માંડીને લઈ જવા મુકી જવા સહિત વાહનની સુવિધા પણ કરવામાં આવે છે. અને ડોકટરો-કમ્પાઉન્ડરોને કમિશનનો લાભ આપી વધારેમાં વધારે દર્દીઓ ભેગા કરવાનો ટાર્ગેટ આપવામાં આવે છે અને આમ આયુષ્માન કાર્ડના ઓઠા હેઠળ વણજોઈતી સર્જરી કરી અને હોસ્પિટલના મોટા બીલ ઓપરેશનનો ખર્ચ વગેરે ચડાવી દઈ સરકાર પાસેથી નાણા ઉસળવાનું કાર્ય કરતી હોસ્પિટલ અને તેના ડોકટરો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. વડાપ્રધાનને પાઠવેલા પત્રમાં ભરતભાઈ રાવલે વધુમાં જણાવ્યું છે કે, આયુષ્માન કાર્ડના નામે ભયંકર કૌભાંડ થઈ રહ્યું છે કે, આચરવામાં આવી રહ્યું છે તેને અટકાવવા માટે ખાનગી હોસ્પિટલોમાં આયુષ્માન કાર્ડનો ઉપયોગ તાત્કાલીક બંધ કરી દેવો જોઈએ. એટલું જ નહીં માત્ર સરકારી હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડનો ઉપયોગ ચાલુ કરવો જોઈએ અને જો સરકારી હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબો ન હોય તો નિષ્ણાંત તબીબોની નિમણુંક કરી અને સારામાં સારી આરોગ્યલક્ષી સુવિધા આયુષ્માન કાર્ડ અંતર્ગત સરકારી હોસ્પિટલમાં પુરી પડે તે માટે ની વ્યવસ્થા કરવા જણાવેલ છે. આ ઉપરાંત પીએમ જય યોજનાના મળતા લાભો અંગે એટલે કે, આયુષ્માન કાર્ડના લાભ મેળવવા માટેની ચોક્કસ નીતી અને નવા નિયમો તાત્કાલીક બનાવવા માટે પણ પત્રના અંતે ભરતભાઈ રાવલે વિનંતી કરી છે.

## જૂનાગઢના એડવોકેટ એન્ડ નોટરી ભરતભાઈ રાવલે વડાપ્રધાનશ્રીને ખુલ્લો પત્ર પાઠવી નવી નીતી ઘડી કાઢવા રજુઆત કરી

# શાળા સંચાલકો ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા વિદ્યાર્થી પર દબાણ કરી શકશે નહિ : શિક્ષણમંત્રી



જૂનાગઢ, તા. ૨૨

જૂનાગઢ સહિત રાજયની કેટલીક શાળાઓમાં ચોક્કસ રંગના સ્વેટર પહેરવા માટે દબાણ કરવામાં આવતું હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે પ્રવર્તમાન શિયાળાની ઋતુમાં બાળકોને ઠંડીથી સુરક્ષિત કરવા ખાનગી શાળાના સંચાલકો શાળામાં ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા બાળકો પર દબાણ કરી શકશે નહિ તેવી ચીમકી રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાએ આપી હતી. રાજ્ય શિક્ષણમંત્રી પાનશેરીયાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર હરહંમેશ વાલીઓ અને બાળકોની સાથે રહી છે. રાજ્યમાં ઠંડીના કારણે કોઈ પણ બાળકનું મૃત્યુ ન થાય તે માટે રાજ્ય સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે. રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીને જણાવવામાં આવ્યું છે કે, કોઈ પણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પોતાના ગણવેશને અનુરૂપ પાતળું, નિમ્ન કક્ષાના કાપડ ધરાવતું (ઠંડી ન રોકી શકે તેવું) સ્વેટર પહેરવા કોઈ પણ બાળક પર દબાણ કરી શકશે નહિ.

જો કોઈ શાળાના સંચાલક એમની શાળાના નિર્ધારિત સ્વેટર બાળકને પહેરવા માટે આગ્રહ કરે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે. ખાનગી શાળાના સંચાલકોને વિનંતી સાથે મંત્રીએ જણાવ્યું હતું કે, કોઈ પણ શાળા બાળકોને તેમના દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરવા મજબુર કરી શકશે નહિ, તેમજ મંત્રીએ વાલીઓને અપીલ કરી કે, કોઈ પણ બાળકને, તેના માતા પિતા ઠંડી માટે તેમના જોડે ઉપલબ્ધ ઠંડી રક્ષણાત્મક સ્વેટર, ટોપી, હાથના મોજા પહેરાવી શકશે અને કોઈ પણ ખાનગી શાળા અને અન્ય શાળા તેમાં કોઈ પણ રોક ટોક કરી શકશે નહિ જો કોઈ શાળા તેમનાં દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરાવવાનો આગ્રહ કરશે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે તેમજ રાજ્ય સરકાર તે શાળા પર કડક કાર્યવાહી કરશે તેમ મંત્રીએ ઉમેર્યુ હતું.


નવા વર્ષની હાર્દિક શુભેચ્છા...

જૈન અગ્રણી પ્રતિષ્ઠીત વ્યકિત

જયેશભાઈ દોશી

વર્ધમાન ટ્રાવેલ્સ

જૂનાગઢ

મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

MI-GL

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ટુવ્હીલરનું લાયસન્સ હોવું જરૂરી

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત

(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )

અન્યો માટે રાહતદરે સારવાર

હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪